FIRST BOOK OF POETRY.

TRANSLATED INTO GUJARATI,

BY

Hormasji Dorabji Chinoy

Assistant Master, "J. D. Anglo-Vernacular School,"

BHENDI-BAZAR



Bombay

PRINTED AT THE IMPERIAL PRESS.

1868.

Registered under Act XX of 1847.

હાઊઈઅર્ડ સાહેબની ઈંગ્રેજી કવિતાનું પ્રથમ પુસ્તક.

તેહેનું

ગુજરાતિ શુદ્ધ ભાષાંતર.

બનાવનાર.

હોરમજજી દોરાબજી ચીનાઈ,

ઍસિસ્ટન્ટ માસ્તર, "જી૦ દા૦ ઍંગ્લોવર્ને
ક્યુલર સ્કુલ."

ભીંડી બજાર.



આવૃતિ પેહલી, નકલ ૧૦૦૦

મુંબઈ મધે "ઇંમપીરિયલ પ્રેસ" માં નવરોજજી
ફરામજીએ છાપ્યું છે.

૧૮૬૮.

ફલાના વર્ષમાં ફલાના માસની ફલાની તારીખે શોવાર હતો, છે, અથવા આવશે એ કાહાડવાની રીત.

(અંગ્રેજી ઉપરથી).

પાસેના પેહેલા કોઠામાંથી વર્ષનો અક્ષર શોધી કાહાડવો પછી બિજા કોઠામાં જે માસની તારીખનો વાર શોધવો હોય તે તારીખની હારમાં તે અક્ષર નીચે જોવું. જેમકે, તા ૩ જી આગસ્ત ૧૮૬૭ ને દને શોવાર હતો તે કાહાડવો છે:— ત્યારે પેહેલા કોઠામાં ૧૮૦૦) ની હેઠળ તથા ૬૭) ની હારમાં જોતાં છ અક્ષર આવેછે; પછી બિજા કોઠામાં આગસ્ત માસમાં તા૦ ૩ જી ની હારમાં અને અને છ ની નીચે જોતાં સનવાર આવેછે પણ જાણવું કે "લીપઇઅર" માટે (૧૮૬૮ "લીપઇઅર" છે) બે અક્ષર મુકયા છે, તેમાંથી પેહેલ અક્ષર જાન્યુઆરી તથા ફેબ્રુઆરી માટે છે અને બિજો બાકીના માસ સારૂ છે.

હમેશાનું પંચાંગ.

કોઠો ૧ લો.				૧૭૦૦		૧૮૦૦		૧૫૦૦ ૧૯૦૦	૧૬૦૦ ૨૦૦૦	
				અ		જ		ઇ	ફ	
૦	૨૮	૫૬	૮૪	બઅ	સબ	ડસ	ઇડ	ફઇ	જફ	અજ
૧	૨૯	૫૭	૮૫	જ	અ	બ	સ	ડ	ઇ	ફ
૨	૩૦	૫૮	૮૬	ફ	જ	અ	બ	સ	ડ	ઇ
૩	૩૧	૫૯	૮૭	ઇ	ફ	જ	અ	બ	સ	ડ
૪	૩૨	૬૦	૮૮	ડસ	ઇડ	ફઇ	જફ	અજ	બઅ	સબ
૫	૩૩	૬૧	૮૯	બ	સ	ડ	ઇ	ફ	જ	અ
૬	૩૪	૬૨	૯૦	અ	બ	સ	ડ	ઇ	ફ	જ
૭	૩૫	૬૩	૯૧	જ	અ	બ	સ	ડ	ઇ	ફ
૮	૩૬	૬૪	૯૨	ફઇ	જફ	અજ	બઅ	સબ	ડસ	ઇડ
૯	૩૭	૬૫	૯૩	ડ	ઇ	ફ	જ	અ	બ	સ
૧૦	૩૮	૬૬	૯૪	સ	ડ	ઇ	ફ	જ	અ	બ
૧૧	૩૯	૬૭	૯૫	બ	સ	ડ	ઇ	ફ	જ	અ
૧૨	૪૦	૬૮	૯૬	અજ	બઅ	સબ	ડસ	ઇડ	ફઇ	જફ
૧૩	૪૧	૬૯	૯૭	ફ	જ	અ	બ	સ	ડ	ઇ
૧૪	૪૨	૭૦	૯૮	ઇ	ફ	જ	અ	બ	સ	ડ
૧૫	૪૩	૭૧	૯૯	ડ	ઇ	ફ	જ	અ	બ	સ
૧૬	૪૪	૭૨		સબ	ડસ	ઇડ	ફઇ	જફ	અજ	બઅ
૧૭	૪૫	૭૩		અ	બ	સ	ડ	ઇ	ફ	જ
૧૮	૪૬	૭૪		જ	અ	બ	સ	ડ	ઇ	ફ
૧૯	૪૭	૭૫		ફ	જ	અ	બ	સ	ડ	ઇ
૨૦	૪૮	૭૬		ઇડ	ફઇ	જફ	ફજ	બઅ	સબ	ડસ
૨૧	૪૯	૭૭		સ	ડ	ઇ	ફ	જ	અ	બ
૨૨	૫૦	૭૮		બ	સ	ડ	ઇ	ફ	જ	અ
૨૩	૫૧	૭૯		અ	બ	સ	ડ	ઇ	ફ	જ
૨૪	૫૨	૮૦		જફ	અજ	બઅ	સબ	ડસ	ઇડ	ફઇ
૨૫	૫૩	૮૧		ઇ	ફ	જ	અ	બ	સ	ડ
૨૬	૫૪	૮૨		ડ	ઇ	ફ	જ	અ	બ	સ
૨૭	૫૫	૮૩		સ	ડ	ઇ	ફ	જ	અ	બ

કોઠો ૨) જો.

મહિનાની તારીખ: જાન્યુઆરી / ઑક્ટોબર.	ફેબ્રુઆરી. / માર્ચ. / નવેમ્બર.	એપ્રિલ. / જુલાઈ.	મે.	ક	ખ	ગ	ઘ	ચ	છ	જ
૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૭ ૧૪ ૨૧ ૨૮	આ.	સ.	સુ.	બ્રે.	બુ.	મં.	સો.
૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	સો.	આ.	સ.	સુ.	બ્રે.	બુ.	મં.
૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	મં.	સો.	આ.	સ.	સુ.	બ્રે.	બુ.
૪ ૧૧ ૧૮ ૨૫	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	બુ.	મં.	સો.	આ.	સ.	સુ.	બ્રે.
૫ ૧૨ ૧૯ ૨૬	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭	૪ ૧૧ ૧૮ ૨૫	બ્રે.	બુ.	મં.	સો.	આ.	સ.	સુ.
૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮	૫ ૧૨ ૧૯ ૨૬	સુ.	બ્રે.	બુ.	મં.	સો.	આ.	સ.
૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૬ ૧૩ ૨૦ ૨૭	સ.	સુ.	બ્રે.	બુ.	મં.	સો.	આ.

મહિનાની તારીખ: જુન.	આગસ્ત.	સેપ્ટેમ્બર. / ડીસેમ્બર.	ક	ખ	ગ	ઘ	ચ	છ	જ
૪ ૧૧ ૧૮ ૨૫	૬ ૧૩ ૨૦ ૨૭	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	આ.	સ.	સુ.	બ્રે.	બુ.	મં.	સો.
૫ ૧૨ ૧૯ ૨૬	૭ ૧૪ ૨૧ ૨૮	૪ ૧૧ ૧૮ ૨૫	સો.	આ.	સ.	સુ.	બ્રે.	બુ.	મં.
૬ ૧૩ ૨૦ ૨૭	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૫ ૧૨ ૧૯ ૨૬	મં.	સો.	આ.	સ.	સુ.	બ્રે.	બુ.
૭ ૧૪ ૨૧ ૨૮	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૬ ૧૩ ૨૦ ૨૭	બુ.	મં.	સો.	આ.	સ.	સુ.	બ્રે.
૧ ૮ ૧૫ ૨૨ ૨૯	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧	૭ ૧૪ ૨૧ ૨૮	બ્રે.	બુ.	મં.	સો.	આ.	સ.	સુ.
૨ ૯ ૧૬ ૨૩ ૩૦	૪ ૧૧ ૧૮ ૨૫	૧ ૮ ૧૫ ૨૨ ૨૯	સુ.	બ્રે.	બુ.	મં.	સો.	આ.	સ.
૩ ૧૦ ૧૭ ૨૪	૫ ૧૨ ૧૯ ૨૬	૨ ૯ ૧૬ ૨૩ ૩૦	સ.	સુ.	બ્રે.	બુ.	મં.	સો.	આ.

પ્રસ્તાવના.

હાઉઅર્ડ સાહેબની અંગ્રેજી કવિતાના પ્રથમ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર છે એહેવી અહમને ખબર છતાં, બિજું કાહાડવાની મતલબ એજકે, અસલ અંગ્રેજી રસીલી કવિતાનો મીઠાસ ન ખોતાં હેની મૂળ મતલબ ગુજરાતી વિદ્યાર્થીઓને સહમજ પડે એહેવાં પુસતકની ખરેખર જરૂરછે; પણ તે ભાષાંતરથી કંઈ એ ગરજો સરે, એહેવું અહમને અનુભવ ઉપરથી લાગું નહિ, કારણકે શિખાઉ છોકરાઓની સહમજની હદ ઉપરાંતવાલા કેટલાક શ્લોક (જેમકે જેલર્ટનો ચોથો અને પાંચ મો) નો તરજુમો તે પુસ્તકમાં જણાતો નથી. એ અને ઇત્યાદી કારણો માટે આ ભાષાંતરની અગત્ય જણાઇ છે કારણ કે સાદી ઇબારત કતાં કવિતાનો તરજુમો કરવો નવા શિખાઉઓને વ ધારે ખીકટ લાગેછે. એ પુસ્તકમધ્યે અહાવા (   ) કૌંસમાં જે બોલો લખ્યા છે તે, ગુ જરાતીમાં મતલબ જોડેલી રાખવાને ગાંઠના ઉમે રયા છે; અને એહેમાં નજરચુક અથવા ગેરસમ જુતીથી કંઇબી ખામી નહોય, એહેવું અહમને લાગતું નથી, તેથી જે ગ્રહસ્થોને એહેમાં કંઇ પણ ચુક તથા કસર માલમ પડે તેઓ કૃપા ક

રી આ ભાષાંતર કરનારને જણાવવા તરફી લેશેતો તેઉગનો ઉપકાર માની બિજી આવૃતિ વેળાએ સંભાળ રાખવાને પ્રયત્ન કરશું.

આ ભાષાંતર કરવામાં મરહુમ સેઠ જીજીભાઇ દાદાભાઈ વાલી સ્કુલના વડા શિક્ષક મી૦ જીજીભાઈ ખરશેદજીનો ઉપકાર તેમની મદદ કાજે આ ઠેકાણે માનવા વગર અહમારાથી રહેવાય નહિ.

તા૦ ૧ લી આગસ્ટ ૧૮૬૮.

ભુલચુકનો સુધારો.

પાના	ઓલ	અશુદ્ધ	શુદ્ધ
૨	૮	કીજીઆ	કજીયા
,,	૧૦	પેતાના	પોતાના
૧૧	૧૦	વ્હાર	વ્હારાં
૧૮	૧૦	વ્હેનો	વ્હેના
૧૯	૧૮	વ્હારી	મ્હારી
૩૫	૪	ઉત્પંતિ	ઉત્પત્તી
,,	૧૮	જીદગી	જીંદગી

અનુક્રમણિકા.

હાઉઅર્ડ સાહેબની ઈંગ્રેજ કવિતાના પ્રથમ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર.

—oo—

પાઠ ૧ લો.

ઉદ્યોગ.

૧. ન્હાની ઉદ્યોગી મધમાખ પ્રત્યેક પ્રકાશતા કલાકનો (જુઓ) કેવો સારો ઉપયોગ કરેછે, અને આખો દિવસ પ્રત્યેક ખિલતાં ફુલમાંથી મધ કેવું એકઠું કરેછે!

૨. કેવી ચતુરાઈથી તે પોતાનો મધપુડો બાંધેછે, અને કેવી સફાઇથી મીણ પાથરેછે; અને જે મિઠો[1] ખોરાક તે બનાવેછે તે ત્હેમાં સારી રીત ભરી મુકવાને તે કેવી કઠણ મ્હેનત કરેછે!

---

૧ મધ.

૩. શ્રમના અથવા યુક્તિનાં કામમાં હું પણ ઉદ્યોગી થાઉં; કારણ, નિરૂદ્યોગી હાથને (બીજાને) કાંઇપણ ઉપદ્રવ કરવાને વારંવાર સુઝ પડેછે.

પાઠ ૨ જો.

ભાઇ બ્હેન વચ્ચે પ્રીતિ.

૧. રસ્તામા ગમે તેવા કજીઆ થાય (તોપણ) ઘરમાં સલાહ રાખવી, જે ઠેકાણે બ્હેનો રેહેછે અને ભાઇઓ (અરસ પરસ) મળેછે, તે ઠેકાણે કીજીઆ આવવા જોઇયે નહિ.

૨. પક્ષી પોતાના ન્હાના માળામાં હળી મળીને રેહેછે, ત્યારે એક કુટુંબનાં છોકરાં (એકમેક સાથ) ટંટા કરે, તેઓ (એકમેક પર) ગુસ્સે થાય, અથવા મારામારી કરે એહેવું દૃષ્ટીએ પડવું શરમ ભરેલું છે.

૩. એ પરમેશ્વર, અહમારાં છોકરવાદિયાં છરની અહમને ક્ષમા કર, અને અહમારા ન્હાના કજીઆ દૂર કર, કે જેથી જેમ જેમ અહમે પુખ્ત ઉંમરે પોં

હોંચતા જઇયે તેમ તેમ મ્હમારૂં અંતઃકરણ (એક બીજા વિશે) પ્રીતિયુક્ત થાય.

પાઠ ૩ જો.

કીડી.

૧. એ કીડીઓ આપણી નજરમાં કેટલી ન્હાની લાગેછે! આપણ તેમને પગે ધુળમાં ચગદી નાખ્યે છિયે, અને તેઓનાં ટોળે ટોળાં મરી જાય છે; (તોપણ) આપણ તેમની કાંઇજ પરવા અથવા ફીકર કરતા નથી. આપણે આટલા બધા શાહાણા છિયે તોપણ જો આપણ તેઓ પ્રમાણે કરવા માંડીયે તો (તેથી કરી આપણામાં) આલસુ અને મૂર્ખ મ્હેવા પુષ્કળ છે, જેઓ હૂંપણના કાંઇ ઘડા શિખી શકે.

૨. ઉંઘમાં અથવા રમતમાં તેઓ પોતાનો વખત વ્યર્થ ન ગાળતાં સૂર્યના તડકા વાળા દિવસોમાં ધાન્ય એકઠું કરી શિઆળા માટે ભરી રાખે છે. તેઓ મ્હેવી નિયમિત રીતે પોતનું કામ ચલાવેછે કે, આગળ શિઆળામાં હિમ અને તોફાનની

આવનારી અડચણો અગાઉથીજ જોઇ રાખી તે
ઓ પોતાનો ખોરાક ઘરમાં આણેછે, એહેવું કોઇને
લાગશે.

૩. તોપણ જે વસ્તુની મ્હને ગરજ પડશે તે
વસ્તુની યોગ્ય સંભાળ જો હું કરૂં નહિ, અથવા
(ભવિષ્ય) સંકટોનું નિવારણ કરવાના ઉપાયની
આગમજથી તૈયારી રાખું નહિતો, ગરીબ પેટે
ચાલનારી કીડી કરતાં મ્હારામાં ઓછું જ્ઞાનછે
(એમ કેહેવાશે); હું મ્હારા આયુષ્યની સઘળી
ભરજુવાની જો વ્યર્થ ક્હાડુંતો, અંતકાળે મૃત્યુ
અથવા ઘડપણ જયારે મ્હારી સ્હામું ટિકી ટિકી
ને જોશે ત્યારે હું કેટલો કંગાળ થઈશ!

૪. ત્યારે હવે જયાંસુધી મ્હારી શક્તિ અને
જુવાની બાહારમાં છે ત્યાં સુધી મંદવાડ આવેતો
શી વસ્તુ મ્હારા ઉપયોગમાં આવશે તે વિષે મ્હ
ને વિચાર કરવાદો; અને મ્હારાં પાપની ક્ષમા
થાય એ માટે (ઇશ્વરની) પ્રાર્થના કરવાદો. જયારે
મૃત્યુ મ્હને આ મટીના ઝુપડાંમાંથી[1] બ્હાર કાઢ
શે, ત્યારે સ્વર્ગમાંનાં મંદિરમાં[2] હું જઈ રહું,

---

[1] શરીરમાંથી. [2] બેહેસ્ત.

એ માટે સારાં પુસ્તકો વાંચી (તેમની લખાણુપર મ્હને વિશ્વાસ મુકવાદો અને તે પ્રમાણે ચાલવા દો.

પાઠ ૪ થો.

ન્હાની કીડી.

૧. એક ન્હાની કાળી કીડીને ઉંચકવા અથવા ગબડાવી લઈ જવાને ઘણોજ ભારે એહેવોએક મોટો ઘઉંનો દાણો જડયો. ત્યારે ત્હેનો એક પડોસી ને ત્હેને એકાએક મળ્યો ત્હેને તે દાણો પોતાના દરમાં લઈજવાને મદદ કરવા સારૂં તેણે વિનંતી કીધી.

૨. તે પડોસી બોલ્યો "મ્હને મ્હારાં પોતાનાં કામ ઉપર ધ્યાન આપવાનું છે ત્હને ગમેતો તું પોતે પોતાનાં કામ સારૂં (બિજી કાંઇ) યુક્તિ યોજ." એ પ્રમાણે જેટલું સ્વાર્થદૃષ્ટી અને તોછડાઈપણું ત્હેનામાં હતું તે દેખાડી તે ચાલતો થયો અને ઉંઘવા સારૂં (દરમાં) જઇ નિરાંતે સુઈ ગયો.

૩. એટલામાં એક કાળો જાતભાઇ તે રસ્તે

જતો હતો, તેપોતાની પડોસણને અડચણમાં જોઈ આગળ આવ્યો, અને તે સુસ્વભાવનો હતો તે થી તેણે તે બોજો લઈ જવા સારૂં ત્હેને મદદ કીધી.

૪ જેઓના સાંભળવામાં આ વાત આવશે તેઓ સઘળાએ એ પરથી લાભ લેવાને પ્રયત્ન ક રશે; કારણ કે તે આડી કીડી પ્રમાણે છોકરાં પણ આડાં હોયછે એહેવું વારંવાર દૃષ્ટીએ પડેછે.

૫. જે સુસ્વભાવના કીડાએ પોતાના જાત ભાઇને સહાય કીધી તે, જેમની ઇચ્છા શિખવા ની છે તેમને એહેવું શિખવશે કે, જો ન્હાનાં જી વજંતો એકમેકવિષે મમતાળુ હોય છે, તો સર્વ છોકરાંએ જરૂર તેમજ થવું જોઇયે.

પાઠ ૫ મો.

આપણો અહીં[૧] ધર્મ શો?

૧ આ જગતમાં આપણો ધર્મ શો છે? સા

---

૧ એકલપેટાપણું. (૧) આ દુન્યામાં.

શાં પરથી અધીક સારાં તરફ વળવું અને પછી ઉત્તમ તરફ જવું; આયુષ્યનો પ્યાલો[1] કૃતજ્ઞતા થી પીને આપણા વિશ્રાંતીનાં બિછાણાપર વગર બોલ્યે જઈ પડવું[2]; આપણી આસપાસ જે ફુલો[3] ઉગેછે તે તોડીને જતાં માર્ગમાં આપણી ખુશબો[4] પાથરવી.

૨ અને એહેવી રીતે રેહેવું કે, જયારે આપણો આયુષ્યરૂપી સૂર્ય[5] અસ્ત પામે ત્યારે લોકપર કરેલી દયાની ખુશી આપનારી યાદદાસ્તથી સ્મરણરૂપી પ્રકાશમાં આપણું નામ શોભા પામે અને જે સદાચરણનાં બીજ આપણે રોપ્યાં હોય તેમાંથી ભવિષ્યમાં હજાર ઘણાં ખિલી નિકળે.

---

(૧) ઇશ્વરનો ઉપકાર માની, આપણને આપેલી જીંદગીનો ઉપભોગ લેવો. (૨) મરીજવું. (૩) આપણી સારી ચાલચલણના (૪) ખુશી અને ફાયદો બિજાઓને કરી આપવો. (૫) જીવ જાન થાય.

પાઠ ૬ ઠો.

પાણીનો ધોધ અને ગુલાબનો છોડ.

૧ 'અરે મૂર્ખ, ગર્વીષ્ટ ભૂત ચલ નિકળ અહિં યાંથી; હું અને મારી મરજી વચ્ચે મૂર્ખ સરખા ધુસવાની હિંમત ના કર," એ પ્રમાણે એક ગર્જના સરખો અવાજ મોટેથી થયો. બરફથી છંતાઈ ગયલો એક પાણીનો ધોધ આ રીતે એક ગરીબ ગુલાબના છોડને બોલ્યો. ધોધના ફિણથી છંતાઇ ગયલો, અને નીચે ઉંચે ઉછળતો તે ગુલાબનો છોડ (આવા પ્રસંગે) દુઃખકારક સ્થિતીમાં રેહેતો હતો એ એકાદું બાળક પણ સમજશે.

૨ "શું તું મ્હારો માર્ગ અતકાવવાની તાકાદ રાખેછે? નિકળ, નિકળ! નહિ તો, એ નીચ, જે ખડકને ત્હારાં મૂળિયાં વળગેલાંછે, તે ખડક સમેત ત્હને ઉંધે મસ્તક ગગરાવી નાખીશ." ધોધ જુલમી અને મજબૂત હતો તે સંતોષી ગુલાબના છોડે દુઃખનો એકપણ શબ્દ અથવા હાય ન નાખતાં, ભય જતી રેહેશે, એહેવી આશા પકડી ઘણા દિવસ સુધી દુઃખ ખમ્યું, તોપણ છુટકો ન જણાયાથી સે

વટે તેણે ત્હેને પ્રત્યુતર આપવાને હિંમત ધરી.

૩ તે ગુલાબ બોલ્યો, "અરે! તું મુજપર દોષના મુક, આ આપણી જન્મભૂમિમાં આપણે એક વેળાએ સુખથી દિવસ કહાડયા, (એ છતાં હવે) આપણે કંકાસમાં શામાટે રેહેવું જોઇયે? મ્હારા ખડકનાં બિછાણાપર તેં મ્હને હિલાવ્યો, અને તેથી મ્હારી રગોમાં કેવો આનંદ પંથરાયો! સર્વ ઉન્હાળામાં દરરોજ મ્હારાં પાંદડાં તેં છાંતી નાખ્યાં અને તાજાં રાખ્યાં. એ બધી મ્હેનત બદલે મેં જે તું પર ઉપકાર કીધો, તે કાંઇ સામાન્ય[1] નહીં.

૪ "જ્યારે કળી અને પુષ્પ સહિત વસંતરૂતુ આવી, ત્યારે શાંત દિવસ નજદીક આવ્યાછે એહેવું ત્હને કેહેવાને આ ખડક મધ્યે મેં મ્હારો ફુલનો હાર ત્હારી આગળ ધર્યો; અને ઉન્હાળાના ગરમ વખતમાં મેં (મ્હારાં) પાંદડાં અને ફુલોનો ત્હારીપર છાંયો કીધો; અને જે વેળાએ ત્હને બોલવાની વાચા ઘણીજ થોડી અથવા

૧ જહેવો ત્હેવો.

મુદલ પણ નહતી તે વેળાએ, જો મ્હારાં પાંદડાં હવડાં ખરી ગયાંછે, તે પાંદડાંમાં લિનેટ પક્ષીએ રહીને આપણ બન્ને માટે પોતાનું સુન્દર ગાયન ગાયું."

૫ વધારે તે શું બોલ્યો,તે હું કહી શકતો ન થી. તે ઝરો ગર્જના કરતો ખિણ નીચે આવ્યો. તથા મોટેથી અને ઝડપથી ઉછળવા લાગ્યો. મે લક્ષ દિધું, પણ કાંઈ વધારે સાંભળી શક્યો નહીં, તે છોડવો ધ્રુજ્યો, અને તે તેના સેવટના શબ્દ કે શું મ્હેની મ્હને ધાસ્તી લાગેછે.

પાઠ ૭ મો.

બુલ્બુલ પક્ષી અને આગ્યો કીડો.

૧ એક બુલ્બુલે આખો દિવસ પોતાના ગાયનથી ગામડાંનાં લોકોને ખુશ કીધાં હતાં. સ જ, અથવા સંધ્યાકાળ પુરી થઈ તોપણ ત્હેની તાનબાજી બંધ થઇ નહીં; તોપણ એ સ્વ ભાવિક છે કે (વધારે શ્રમ થયાથી) ત્હેને કડકડતી ભુખ લાગવા માંડી ત્યારે આતુરતાથી આસ પાસ

જોતાં, દુરને અંતરે જમીનપર અંધારામાં કંઈ પદાર્થ ચમકતો તેની દ્રષ્ટીએ પડયો, અને ત્હેના પ્રકાશ પરથી તે આગીઓ છે એહેવું તેણે જાણ્યું. તેથી "હાથારન" ઝાડીના (મથાલાંપર બેસી તે ગાતો હતો, તે) ઉપરથી વાંકો વળી ત્હેને મ્હોડાંમાં મુકવાનો વિચાર કીધો.

૨ કીડો ત્હેની મતલબ સમજી મોટા ભાષાણની ચપથી આ પ્રમાણે બોલ્યો:—"હું ત્હારાં ગાયનને જેટલું વખાણું છું એટલુંજ જો તું મ્હારા પ્રકાશને વખાણે, તો જે પ્રમાણે હુ ત્હાર ગાયનનો નાશ કરવાને નિ:કારૂં છું તેજ પ્રમાણે તું પણ મ્હને નુકસાન કરવાનું છોડી દેશે; કારણ, ત્હારે ત્હારા ગાયનથી અને મ્હારે મ્હારા પ્રકાશથી રાતને[1] ખુશ કરવી અને ત્હેને શોભાવવી એ માટે જે ભગવત્સત્તાએ ત્હને ગાતાં અને મ્હને પ્રકાશતાં શિખવ્યું છે તે એકજછે.

૩ તે ગાનારાં પક્ષીએ ત્હેનું ટુક ભાષાણ સાંભળી લીધું અને ત્હેને તે કબૂલછે એહેવું તે ગાઇ દેખાડીને તે કીડાને છોડી દીધો અને પોતાનો ભ

---

૧ સાંભળ નારાં લોકને.

ક્ષ બિજે ઠેકાણે શોધી લીધો. આ પ્રમાણે મ્હારી વાતછે.

પાઠ ૮ મો.

લાર્ડ ઊલ્યમ.

૧ ઊલ્યમે ન્હાના એડમંડને જ્યારે નદીમાં ડુબાડયો ત્યારે (તે કર્મ) કોઇની દૃષ્ટીએ પડયું નહિ; (તેમજ) તે બાલકની ડુબતી વખ્તની ચીસ ઉલ્યમ શિવાય બિજા કોઈના કાનપર આવી નહિ.

૨ સઘળા તાબેદાર માણસોએ તે ખુનીને નતાથી પોતાના ધણી દાખલ કબૂલ કીધો; અને હકદાર વારસ દાખલ, અલિંગ ફોર્ડનું ઘર તેના તાબામાં આવ્યું.

૩ અલિંગફોર્ડની સઘલી જાગીર એક સુંદર પ્રાંતમાં હતી, અને તે નજીક સેવ્હુરન નદીનુ પુષ્કળ પાણી ફુલરૂપ મેદાનમાં થઇને વ્હેતું હતું.

૪ તોપણ તે સેવ્હુરન નદીના ઝરા તરફ જોવાને લાર્ડ ઊલ્યમ કદી ધૈર્ય કરી શકયો નહિ; કા

રણુ, ત્હેના મોજાપરથી જે પવનના સપાટા આવ તા, તે પ્રત્યેકમાં ત્હેને એડમંડ બાળકની ચીસ સંભળાતી.

૫ મધ્ય રાતના શાંત વખતે તે ખુનીની આંખમા ઉંઘ આવી તે પણ વ્યર્થ. (કેમકે) પ્રત્યેક સ્વપ્નામાં ન્હાના એડમંડની મૂર્તિ ઉત્પન્ન થતી ત્હેને દેખાતી!

૬ જતા કલાક ધીમા વેહેતા, તોંપણ મહિનાનાં મહિના જલદી નિકળી જતા તેને લાગતા અને હ વે તે દિવસ[1] પાછો આવ્યો ત્યારે ઉલ્યમનો જીવ ભયથી ધ્રુજવા લગ્યો.

૭ તે દિવસ ત્હેને ભય લગાડયા વગર આવ શે એહેવું ઉલ્યમને કદી લાગ્યું નહીં; કારણ, ન્હાના એડમંડનો મરણ દિવસ તેના અંતઃકરણમાં પક્કી રીતે નોંધાઇ ગયો હતો.

૮ તે એક ભયંકાર દિવસ હતો! વરસાદ તો ફાન સરખી ગર્જના કરતો સપાટાબંધ પડયો; અ ને સેવ્હરન નદીમાં મોટી ભરતી આવી તેથી ત્હેનુ

---

૧ એડમંડ બાળકનો મરણ દિવસ.

પાણી સપાટ કિનારાપર દુર લંબાઇએ પંથગયું.

૯ લાડં ઉલ્યમે ભોજનની તલબ કીધી અને દારૂનું પ્યાલું પીધું; અને મોટી ખુશીથી પોતાના જીવની પીડા દુર કરવાને પ્રયત્ન કીધો પણ ફોકટ.

૧૦ રાત પડયાથી, નાખુશ થઈ તે પોતાના એકાંત પલંગપર જઈ પડયો, અને થાકી ગયો હતો તેથી, હેને ઉંઘ આવી—ઉંઘ આવી ખરી—પણ હેને આરામ થયો નહિ.

૧૧ તે પલંગ આગળ હેનો ભાઇ લાડં એડમંડનો આકાર ઉભો હોય એહેવું હેને દેખાયું, (અને) મરણની વખતે તેણે પોતાના ભાઈનો હાથ પકડગો તે વખત જહેવો ફિકો માલમ પડતો હતો હેવો આ સમયે જણાયો.

૧૨ ફિકા અને લથડતા શબ્દથી જે વખતે તેણે પોતાનું નિરાશ્રીત બાલક, મરતી વેળાનો હવાલો (એમ કહી) ઉલ્યમના હાથમાં આપ્યું, તે વખતે હેનો ચેહેરો જેહેવો અને જેટલો ફિકો દેખાતો હતો હેવોજ અને તેટલોજ ફિકો આ વખતે દેખાયો.

૧૩ (તે બોલ્યો), "બાપ પ્રમાણે મ્હારા નિરાશ્રીત એડમંડ પર પ્રીતિ રાખી ત્હેની સંભાળ લેવાને મેં ત્હને કહ્યું. વાહ! ઉલ્યમ તેં ત્હને સોંપેલું કામ બરાબર બજાવ્યું છે! લે ત્યારે હવે, યોગ્ય બક્ષીસ."

૧૪ તે ચોંકી ઉઠયો, અને દુખકારક ભયથી તેના પ્રત્યેક અવયવ ધ્રુજવા લાગા, (તો પણ હુસ્યાર થયા પછી) સ્વપ્નામાં જે ગરબર ત્હેને સાંભળી હતી તે ત્હેને ગાયન માફક મધુર[1] લાગી.

૧૫ જુઓ! એટલામાં એક ભયંકાર મોટો અવાજ થયો તે વખતે ત્હેનો આત્મા ગાભરો પડી ગયો. "લાડં ઉલ્યમ, અરે શું જુએછે! ઉઠ, ઉઠ, જલદી ઉઠ; પાણીથી ત્હારી દેવાલ ઓદાઇ જાય છે."

૧૬ તે ઝડપથી ઉઠયો, ભિંત નીચે રેલ આવતી ત્હેને દેખાઈ, તે રેલથી તે ચોતરફથી ઘેરાઇ

---

૧ કારણ ત્હેની ખાત્રી થઈ કે જે ગભરાત ત્હેને લાગો તેતો માત્ર સ્વપનો હતો તેથી ખુશી થયો.

ગયો હતો; તે વખતે મધ્ય રાતનો સમય હતો, અને સહાય કરવાને કોઇ પાસે હતું નહિ.

૧૭ તેણે એક ખુશ પોકાર સાંભળ્યો; કારણ, હવે ભિંત આગળ એક હોડી આવી પોંહોચી, અને તે ખુશ કારક મદદથી સંરક્ષણથવા માટે તે સર્વ આતુરતાથી એકઠા મળ્યા.

૧૮ તે હોડી વાળો બોલ્યો, "મ્હારી હોડી ન્હાની છે તે કેવળ એકનેજ પેલી પાર લઈ જશે, લાર્ડ ઉલ્યમ અંદર આવ અને ત્હમો સર્વ ઇશ્વરના આશ્રય નીચે રહો."

૧૯ મછવાવાળાએ હલેસાં મારયાં, મછવો પાણીના વેહેવા પ્રમાણે ઝડપથી ચાલતો હતો, (એટલામાં) એકા એક લાર્ડ ઉલ્યમને એકમંડની ડુબતી વેળાની ચીસ માફક એક પોકાર સંભળાયો.

૨૦ હોડી વાળો અટકયો, " મ્હને લાગેછે કે મેં ન્હાના બાળકની દુખકારક ચીસ સાંભળી." લાર્ડ ઉલ્યમે જવાબ દીધો "એતો માત્ર રાતનો તોફાની પવન છે."

૨૧ "ઉતાવળ કર ઉતાવળ! હલેસું ઝટ અને જોરથી માર, જલદી કર, અને ચાલ તાકી દેથી રૈલની પેલી બાજુએ." વળી એડમંડની દુબતી વખતની ચીસ પ્રમાણે હેને પોકાર સંભળાયો.

૨૨ હોડી વાલો પાછો બોલ્યો "મ્હને એક ન્હાના બાળકની દુ:ખકારક ચીસ સંભળાઇ," (લાડ ઉલ્યમ બોલ્યો) છત, કાંઇ નહિ, ચાલ તાકીદ કર, રાત અંધારી છે અને આપણે જો શોધ કરશું તો નકામી જશે."

૨૩ એરે રે! લાડ ઉલ્યમ, મરવું કેવું ભયંકાર છે એ હ્હેને સાંભરેછે કે? અને મરતી વખતનું એક બાળકનું રડન દયા આણ્યા વગર હ્હારાથી સંભળાય છે.

૨૪ આ થંડા પાણીમાં દુબવું અને નબલો હાથ બ્હાર લંબાવી મદદ સારૂ વ્યર્થ પોકારવું એ કેવું ભયંકાર છે.

૨૫ ફરીથી ચીસ સંભળાઇ, તે અધીક મોટેથી અને હ્હેની છાતીમાં બાગે એહેવી રીતે હ્હેને

સંભળાઈ અને તેજ પળે વિખરાયલાં વાદળાંમાં
થી ચન્દ્ર પાણીઉપર પ્રકાશ્યો.

૨૬ અને તેઓએ એક બાળક તેમની નજદી
ક જોયું, તે એક ટેકરી પર ઉભું હતું તે ટેકરી ન્હા
ની હતી અને ત્હેની આસપાસ ભરતીનું પાણી
ફરી વળ્યું હતું.

૨૭ તે હોડી વાલાએ હલેસું મારતાંજ જે
ઠેકાણે બાળક ઉભું હતું તે ઠેકાણે હોડી આવી
પોંહોચી; અને ચાંદની તે છોકરા પર પડતી
હતી તેથી ત્હેનો ચેહેરો કેવો ફિકો હતો તે જણાયો.

૨૮ મછવા વાલો બુમ પાડી ઉઠયો "લાડં
ઉલ્યમ હવે ત્હારો હાથ લાંબો કરી બાળકને આપ
અને બચાવ" તેણે આપેલો હાથ પકડવા સારૂ
તે બાળકે પોતાના ન્હાના હાથ લાંબા કીધા.

૨૯ ત્યારે ઉલ્યમે ચીસ પાડી;—કારણ, જે
હાથને તે અડકયો તે થંડો, હવાયલો, અને નિર્જી
વ હતો; અને એડમંડ બાળક ત્હેને ત્હેના હાથ
માં સિસાં કર્તા વધારે ભારે લાગો!

૩૦ તે મછવો નીચે ગયો—ખુની વેરી ગ્રરા

नीचे डूबी गयो, तेणे उपर आवी बुम पाडी; ते डुबती वख्तनी चीस कोईने संभळाई नहि.

पाठ ९ मो.

मन, ए माणसनुं माप छे.

१ मायलो, जे शख्स मात्र मोटी मिल्कत उपर वडाइ करे छे ह्हेने तुं सुखी केहेतोना जेहेनो जीव कंजुस छे, ह्हेने उदार मनने करवा सारू पश्चिम[1] दिशा तरफनो सर्व खजनोर[2] जो एकठो जमाव थाय, अने सोनानी रेतीथी भरेली प्होळी नदीओ जो ह्हेना आखा मेदानमां वेहे; तोपण ते, पोतानी सर्व वतनवाडी छतां कंगाळज छे.

२ ध्रुवने लागुं एटलो जो हुं उंचो होउं, अथवा समुद्रने जो म्हारी मुठीमां पकडी शकुं, तोपण म्हारां मन उपरथी त्हारी परीक्षा थवी जोईये छे! कारण मन जे छे ते मनुष्यनुं मापछे.

---

१ अमेरिका मध्ये मेक्षिकोने पीरु देशोमांनी.
२ सोना रूपांनी खाणो.

પાઠ ૧૦ મો.

વસંત રૂતુનો અવાજ.

૧ એ ન્હાની કુમારીકા, ખુશનુમા તડકો તથા મધમાખી સારૂ મધ, અને ઝાડ સારૂ મોહોર, ફુલો તથા પાંદડાં સાથે લઈ હું આવું છું ; અને હવે મ્હારો આવવાનો વખત થોડો રહ્યો છે.

૨ હું આવું છું, હું આવું છું! સાંભળ! ન્હાની મધમાખ ગુંગું કરેછે, જો બાકં પક્ષી ચકચકીત અને સૂર્ય પ્રકાશિત આકાશમાં ઉંચે ઉડેછે, અને મચ્છરો ઉડવા માંડેછે; (તેથી) એ ન્હાની કુમારીકા હવે વસંતરૂતુ આવી છે.

૩ જો! નાજુક ઉઈલો ઝાડ પિળાં ફેટ કિ઼ન્સ ફુલોથી ઢંકાઇ ગયું છે; અને લીલથી ભરેલા લીલા કિનારા પર, સફેદ ગુલાબના ફુલો તારા જેવા દેખાય છે ; પ્રત્યેક નાળું ચલકતું છે. અને બાગમાંનાં સર્વ ઝાડો સફેદ છે.

૪ સાંભળ ! ન્હાના મેંઢાઓ બેં બેં કરેછે અને કા, કા, કરતા કાગડાઓનું ઘોઘાટ કરતુ એક ટોળું "એલમ" ઝાડ પર એકઠું થાય છે,

અને સઘળાં પક્ષીઓ મોટેથી ગાય છે; અને (બધા કરતાં) મ્હેનું બનેલું સફેદ પતંગિયું તડ કામાં ઉડતું જાય છે.

૫ તું ત્હારી નજર પૃથ્વિ અને આ કાશ તરફ કર! પરમેશ્વરે તારે માટે વસંતરૂતુ આપી છે, અને ત્હારાજ સુખ અથવા પોષણ માટે પક્ષીઓને સુસ્વર ગાણું શિખવ્યું છે, પૃથ્વિ (સર્વ પદાર્થથી) ભરપુર કરી છે, અને આકાશ ને સાફ રાખ્યું છે, એ માટે કૃતઘ્ન બુદ્ધીથી તું ત્હારૂં મન ઈશ્વરની પ્રાર્થના કરવામાં લગાડ.

પાઠ ૧૧ મો.

જેલર્ટ (નામનો એક કુતરો.)

૧ (એક દિવસે સ્હવારે) પારધીએ રણશિંગુ વાગતા સાંભળ્યું; તે સ્હવાર ઘણીજ આનંદ આ પનારી હતી; તથા લુએલિનનું શિંગુ સાંભળ તાંજ પારધીઓનાં પુષ્કળ કુતરી કુતરા દોડી આવ્યાં.

૨ તોપણ લુએલિને પ્રથમ કર્તાં વધારે જોર

થી શિંગુ ફુંકયું, અને મોટા જોરથી ખુશીનો અ વાજ કરી બોલ્યો, "જેલર્ટ ચાલ, અરે! લુ એલિનનું શિંગુ સાંભળવામાં તું સર્વથી છેલ્લો ક દી ન્હોતો!"

૩ "અરે રે! પોતાની સઘળી જાતમાં શ્રેષ્ઠ એહેવો તે વિશ્વાસુ જેલર્ટ કયાં ભટકેછે? શું ત્હેનું પ્રમાણીકપણું, શું ત્હેની હિંમત! ઘરમાં મેંઢા સરખો, અને શિકારગાહે જાણેકે સિંહ!"

૩ લુએલિન જમવા બેઠો એટલે ત્હેની આ ગળજ માત્ર તે વિશ્વાસુ જેલર્ટ ખોરાક ખાતો; તે પોતાના ધણીની ચોકી કરતો, ત્હેની ચાકરી ક રતો, ત્હેને ખુશ કરતો, અને ત્હેનાં બિછાણા પાસે પોહોરો ભરતો.

૫ ખરેખર, જોહન રાજાની બખશીસનો તે કુતરો સઘળા કતાં સરસ હતો; પણ તે સમય તે કયાં પણ મળી આવ્યો નહિ, અને સર્વ શિકાર અગાડિ ચાલતો થયો.

૬ તે દિવસે હરણના અથવા સસાના શિકાર તરફ લુએલિનનું મન મુદલ લાગ્યું નહિ અને

જેલર્ટ ન હતો તેથી મઝેલો શિકાર ઘણોજ થોડો હતો.

૭ લુએલિન નાખુશ થઇ જલદીથી ઘર તરફ ચાલતો થયો, અને દરવાજા આગળ તેણે પોતાના ભટકતા જેલર્ટને હેના ધણીને મળવા આવવાને કુદકા મારતો જોયો.

૮ તોપણ જયારે તે પોતાની વાડીના દરવાજા આગળ આવી પોંહોચ્યો, ત્યારે તે ધભરાઇને ઉભો રહ્યો; કારણ, તે કુતરો લોહીના ગઠ્ઠાથી તદન લપટાઇ ગયો હતો. અને હેના મ્હોઠ અને સુળદાંતમાંથી લોહી વ્હેતું હતું.

૯ લુએલિન અચરત થઇ દેવાના માફક ટિકી ટિકી જોવા લાગ્યો. પોતાના ધણીનો મ્હેરવો દેખાવ (આગળ કહી) જોવામાં ન આવ્યાથી તે માનીતો કુતરો પોતાની ખુશી ભરેલી સુરતનો અંત લાવ્યો, અને વાંકો વળી હેના પગ ચાટવા લાગ્યો.

૧૦ લુએલિન ઉતાવળથી આગળ ચાલતો થયો (તથા જેલર્ટ પણ હેની પાછળ પાછળ ગયો')

અને જ્યાં જ્યાં લ્હેની નજર દોડી ત્યાં ત્યાં એક સરખા તાજા લોહીના ગઢા લ્હેની નજરે પડ્યાથી તે વધારે ભયભીત થયો.

૧૧ (આગળ જોતાં) લ્હેના બાળકનું બિછાણુ ઊંધું વળેલું, તથા (તે ઉપરની) ચાદર લોહીથી ભરાઇ જઈ ને ફાટી ગયલી, અને આસપાસની ભીંત તથા જમીન તાજાં લોહીથી છંટાયલીછે, એહેવું લ્હેને માલમ પડ્યું.

૧૨ તેણે પોતાનાં બાળકને બોલાવ્યું પણ કોઇએ જવાબ આપ્યો નહિ; તેથી બ્હિને આકરો ધાભરો બની તેણે શોધ કીધી તો અહીં તહીં લોહી લ્હેની દૃષ્ટે પડ્યું પણ બાળક કેયે દિસ્યું નહિ.

૧૩ "અરે ચંડાળ કુતરા ? મ્હારાં બાળકને તેં મારી ખાધું છે!" એ માફક તે ગાભરા બની ગયલા પિતાએ પોકાર કરયો, અને પોતાની કીના ભરેલી તરવાર મુથ સુધી તેણે જેલર્ટની બાજુએ ભોકી !

૧૪ લ્હેનો તે આકુંમંદ કુતરો જમીનપર પડયો, પણ લુએલિનને દયા આવી નહી; તોપણ લ્હેના

જેલ્બટની મરતી વખતની ચીસ હેના અંતઃકરણ-માં અતિશય કારગા લાગી.

૧૫ જેલર્ટના મરતી વેળાના પોકારથી પાસે કોઇ ઊંઘાયલું હતું તે જાગૃત થયું: પોતાના બાળકને રડતાં સાંભળી બાપને જે ખુશી ઉપજી હેનું વર્ણન કિયા શબ્દો કરી શકશે.

૧૬ ઉતાવળથી શોધ કરવાને લીધે, એક ફાટાં તૂટાં ચીથડાંનો ઢગ જોવાનો બાકી રહ્યો હતો, તે ઢગ નીચે છુપાઈ રહેલાં, અને ગુલાબી ઊંઘમાં થી તરત ઉઠેલાં ફરેસ્તા સરખાં સુન્દર બાળકને જોઈ તેણે હેને ચુમી લીધી.

૧૭ હેનાં આંગપર કંઇ ઘસારો ન હતો, તથા કંઇ નુકસાન થયું ન હતું, અથવા તે બિહધો પણ ન હતો; પણ તેજ પલડ્ંગ નીચે જહેનું સર્વાંગ ચિરાયલું અને જહેનો પ્રાણ જતો રહેલો અહેવો એક સિંહ પડેલો હતો, અને જો કે તે મુએલો હતો તોપણ ભયંકાર દિસતો હતો.

૧૮ હાય હાય! લુએલિનને કેટલું દુઃખ લાગ્યું! કારણ કે હવે સચાઇ ખુલ્લી થઈ. તે સુરા

કુતરાએ લુએલિનના વારસને બચાવવાને સારૂ તે સિંહને ઠાર મારયો હતો.

૧૯ લુએલિને જે શોક કરયો તે સર્વ વ્યર્થ, (તે બોલ્યો) "એ પોતાની જાતમાં સર્વથી શ્રેષ્ઠ હવે રામ રામ! જે અવિચારી કામથી તું મારયો ગયો છે તેસારૂ આ અંતઃકરણ સદા પશ્ચાતાપ કરશે!"

૨૦ અને હવે તેઓએ એક કિમતી નકસીદાર શોભિતી ઘોર ઉભી કીધી; અને બિચારા જેલર્ટના ગુણની તારીફનો લેખ કોતરેલા તે ઘોરના આરસ પાહાણના પત્થરો હેનાં હાડકાંનું રક્ષણ કરેછે.

૨૧ આ ઠેકાણા ઉપરથી કોઈબી પારધી અથવા જંગળમાં રેહનાર પોતાને કમકમાત ઉપજાવ્ય વગર કદી ગયો નથી; અને લુએલિનને જે દલગીરી લાગતી હતી તે, આ ઠેકાણે હમ્મેશનાં આંસુથી પલળેલાં ઘાસ ઉપરથી સાફ દેખાતું.

૨૨ અને આ જગામાં તેણે પોતાનો ભાલો તથા શિંગુ—ટાંગી મુકયાં, અને સાંજ પડે એટલે તે એહેવું વિચારતો કે હેને ગરીબ જેલર્ટની મરતી વખતની ચીસ સંભળાઇ.

૨૩ સ્નોહદન નામના મોટા પર્વતના ખડકો જુના થઈ તોફાન સ્હામું ટકવાને અશક્ત થશે ત્યાં સુધી આ પ્રખ્યાત જગા "નેલસ્ટનુ મૃત્યુ સ્થાન" એહેવું નામ ધરાવશે.

પાઠ ૧૨ મો.

સ્કાટલેંડ દેશમધ્યે શિયાળો

૧ આપણા જંગલ મધ્યે ડુડ઼ંગરો ઉપર હવે ચોમાસાંમાં ઝાડનાં પાંદડાંનો રાતો ઝગમગતો રંગ પડતો નથી, અથવા અસ્ત પામતા સૂર્યના કિરણ નીચે સુન્દર તુઈડ નદીમાં તે ડુડ઼ંગરોના જાંબુરા રંગનાં પ્રતિબિંબ હવે પડતાં નથી; નીડપાથ ડુડ઼ંગરોની બાજુએ હીધર નામના ઝાડની પુષ્કળતા જે અતિશય ખિલતી હતી, તે હવે જણાતી નથી; ત્હેનું શિખર ઉજડ થયું છે, અને યેર પર્વની સાંમાં સ્હામું આવેલી સરખી ઉંચાઈની, ટેકરીઓ હાલ તદન ઉજડ થઇ ગઇ છે. હવા અતિશય થંડ ફુકયાને લીધે ખિણ અને નીચી ટેકરીઓ કે જ્યાં કરમાઇ ગયલા પાલા કાંઈક રહેલા

છે, અને જ્યાં હજુર સુધી નરમ તડકો પડેછે, એહેવે ઠેકાણે મેંઢાંઓને હાંકી કહાડયાં છે. તે ઓ નિરાશ થઈ ગરીબઈથી કરમાઈ ગયલી ઘાસ વાળી જમીન, તથા શિયાળાને લાયક થયલાં આ કાશ તરફ જુએ છે.

૨ ભરવાડ પોતાની ધાબળીની ઘડી ઉખેડી થંડ લાગે નહિ એમાટે હેને પોતાની છેક આસ પાસ લપેટેછે; હેના કુતરા હેની આસપાસ (ગોળ) ફરતા નથી, પણ થંડીથી ધ્રુજતા હેની પાછળ જાયછે, અને જેમ જેમ તોફાન વધારે વ ધતું જાયછે, તેમ તેમ તેઓ વારંવાર નીચે ધ્યાન રાખી બ્હિતા બ્હિતા ટિકીને નજર કરી જોયછે.

૩ ડુંગરના રહેનારાં બચ્ચાં રહે તે પ્રમાણે મ્હારાં બાળક જોકે મજબૂત, હિંમતવાન, અને જંગલી છે, તોપણ તેઓ આ ૠતુથી ધ્રાજ પામેછે મોગરાનાં ફુલોની ભર ખપી ગયાથી શોક કરેછે; પોતાની ઉન્હાળામાંની રમતો વિષે વાતો કરેછે અને રડેછે, તથા આતુરતાથી પુછેછે કે વસંતૠતુ પાછી આવશે, અને પક્ષી તથા ઘેટાં પાછાં આ

નંદ થશે, અને હ્રુથારન ઝાડની ડાળીઓ ફુલોથી ભરાઇ જશે કે ?

૪ હા. કિળ કિળ કરનાર બાળકો, હા, બાગ શનાં ફુલો ત્હમારા ઉન્હાળાના માંડવા ફરીથી શો ભીના કરશે; જે હાર બાંધવાની તમને હોંસ આ થછે, તે હ્રુથારન ઝાડપરથી ત્હમને ફરીથી મળશે; ઘેટાંનાં બચ્ચાં ખેતરોમાં કુદકા મારશે, આસપાસ પક્ષીઓ ગાનુ ગાશે, અને ત્હમોએ તેઓની પેઠે આનંદથી ગમત કરવા માંડી, એટલે ઉન્હાળાનો દિવસ ઘણોજ થોડોછે એહેવું ત્હમને લાગશે.

પાઠ ૧૩ મો.

ઈંગ્લાંડ દેશના ઘરો,

૧ ઈંગ્લાંડ દેશ મધે શ્રીમંત લોકનાં ઘરો, જેઓ તેમના વડીલોના વખતમાં ઉંચાં ઝાડો મધે રમણ્ય ભૂમિપર જયાં ત્યાં જો, કેવી સુન્દર રીતે ઉભાંછે! તે ઝાડોમધે લીલી જમીનપર છાયામાં તથા તડકામાં હરણો કુદકા મારેછે, અને રાજહંસ પક્ષી નજદીકજ એક નદીના ઝગાના ખુશી ભરેલા અવાજ સાંભળી જલદીથી જાયછે.

૨ આહાહા કેવાં આનન્દ કારક ઇંગ્લાંડ દેશ નાં ઘરો ! રાતે સગડીઓની આસપાસ લાલ રો શનીમાં, કુટુંબી પ્રીતિના કેવા ખુશકારક દેખાવો નજરે પડેછે ! તે ઠેકાણે નારીઓ ગાયનો ગાયછે, બાળપણની વાતો કરેછે, અને પ્રાચીન કાળનું એકાદું પ્રખ્યાત પુસ્તક લઇ તેહેનાં પાનાં રાગથી વાંચેછે.

૩ વા: ! શું ઇંગ્લાંડ દેશનાં ઝુપડાં ? તે દેશ નાં મેદાનમાં રૂપાંસરખાં નાળાં ઉપર હજારો ઝુપ ડાં ખુશ કારક દેખાયછે, અને ગામડાંનાં દેવળની આસપાસનાં ઝાડોમાથી તેઓ જાણે કેવાં દોકાવી જુએછે, અને પક્ષીઓ જેમ તેઓના છજ્યાં ની ચે ઉંઘેછે તેમ તે ઠેકાણે ગરીબ લોક નિર્ભય પ ણે સુવેછે.

૪ ઇંગ્લાંડ મધિના સ્વતંત્ર તથા સુન્દર ઘરો! પ્રત્યેક પવિત્ર ઘરનું સંરક્ષણ કરવા માટે સ્વદેશા ભિમાની લોક, પોત પોતાનાં ઝુપડાંમાં અને દિ વાન ખાણામાં ઘણા દિવસ સુધી ઉપરો ! અને જે ઠેકાણે છોકરાં પ્રથમ ખુશી ભરેલી હોંસથી સ્વ

દેશ અને પરમેશ્વર ઉપર પ્રીતિ કરેછે તે ઠેકાણે જ મીન સદા લીલી તથા ફુલાથી ભરેલી રહો !

પાઠ ૧૪ મો.

તાડનું ઝાડ.

૧ આરબી ઝરા પાસે, પૂર્વ તરફના આકાશ માં, તાડનું ઝાડ હિલ્યું ન હતું, અથવા હિન્દી મ્હાસાગર મધેના કોઇબી લીલા બેટમાં દક્ષિણ તરફની પવનની લેહરીથી ત્હેને થંડક આવી નથી; અથવા આફ્રિકાના એકાંત અને ઉંડા પાણીના ઝરાઓ ઉપર ત્હેની શોભીતી છાયા સ્થિર પડી નહિ.

૨ પણ દેશવટો કરેલો આ તાડ પારકા રંગ ની ઝાડીમાં ઠીક ઉગ્યો; પૂર્વ તરફના દેશોમાંહેલી ઢપનો એહેનો હલકો સોટો, લેબર્નમના ખરતા સોનેરી રંગના મ્હોર મધે, ઉગી નિકળ્યો છે અને ત્હેના થડ આગળની લીલાતરી વાળી જમીન, યુરોપ મધેના ફિકાં પણ મધુર વાસ આપતાં વ્હાયોલેટ ફુલથી, ભુરી થઈ છે.

૩ તે ત્યાં ચમત્કારીક દેખાયું! ત્હેની પડોસ મા રૂપાંની માફક પાણી ચલકતું હતું, ત્યાં ઊઈ લો નામનાં ઝાડની ડાળીઓ લટકતી હતી; તે ગણમાંહેલાં ઝાડ પાસે ધું, ધું, કરવાને લિંબુનાં ઝાડોએ મધમાખીઓને લલચાવી હતી, અને બકું સરખો સફેદ ગુલાબ ત્હેના પંખાના આકાર જહેવા છાયામાં પ્રકાશતો હતો.

૪ એક તેહેવારને દિવસે સાંજરે ત્યાં માતબર ગાયનથી તે બાગના માંડવાઓ ભરાઈ ગયા; ફુ લોવાળી ડાળીઓ ઉપર જે દિવા લટકતા હતા, ત્હેનો પ્રકાશ ચલકતાં દ્રવનાં ટીપાં ઉપર પડયાથી તે મધેથી સુન્દર રંગ દિસવા લાગ્યા; અને ફુલ નાં ઝાડ નીચે અહીં તહીં ખુબસુરત તથા રંગીલાં શખ્સો અછડતી નજરોથી જોવા લાગ્યાં. તે દે ખાવ કેવળ પરીઓના નાચ જહેવો હતો.

૫ પણ એ ટોળીમાં તાડના ઝાડ પ્રમાણે પાર કો એકજ ગ્રહસ્થ હતો, તે ગાયન અથવા નાચ વિષે તદન બેદરકાર જણાયો; તે જુવાન હતો, અ ને હિન્દુસ્થાનનો તડકો ખમ્યાથી ત્હેના ચેહેરાનો

રંગ ફ્રાજો હતો, ત્હેનાં માથાં ઉપર પીછાવાળી ટોપી હતી, તથા ત્હેના કેશ લાંબા અને કાળા હતા.

૬ તેણે ઝાડના છાયામાં ચળકતી પોતાની ટોપ ધીમે અને ગંભીર રીતે હિળાવી. તે ફિકા લીલા રંગનાં ઓલિવ નામનાં ઝાડ આગળથી ગયો, તથા ચેસ્તનટ ઝાડનાં ફુલો ઉપર પણ તે મોહીત પડ્યો નહિ; પણ જ્યારે તે બ્બલાં તાડનાં ઝાડ પાસ આવ્યો ત્યારે, ત્હેના સર્વ બાંધામાં હર્ષ ઉપજ્યો.

૭ તે પુરૂષ આગળ તે તાડનો ખડખડાત બોલ્યો, અને ત્હેની ચુપકીદીનો ભંગ કીધો ! જે બેટના દેખાવથી મ્હાસાગરને શોભા હતી, ત્હેવાં તે ગૃહસ્થના સુન્દર બેટ વિષે તે તાડ (તે સાથ) કાંઈ ધીમે બોલવા લાગ્યો; ખરેખર તે ઓળખીતો અવાજ ત્હેના કાનને સમુદ્રના મોજાના અવાજ પ્રમાણે કાંઇક બોલ્યો.

૮ અખાતનાં કાંઠે કાંઠે જ્યાં ખિચોખિચ ઝાવલીની નાળિયેરી હતી, ત્યાં ત્હેની માની ઝુપડી હતી, તે સાથ ત્હેના જાતભાઇઓના હલ્લેસાંનો

અવાજ તથા સમુદ્રના કિનારાપર સંભળાતો સં ખનો અવાજ, એ બધી વાત હેના જાગૃત થ તાં અન્તઃકરણમાં લાગ્યાથી તેણે પોતાનાં દેશનાં ઝાડમે પેટમાં ચાંપ્યું, અને રડવા માંડયું.

૯ અરે, હેનો ધિઃકાર કરશોમાં! જે બળથી સ્વદેશહિતકારી મરવાને તૈયાર થાયછે, તથા સ્વદેશ માંના પર્વતોપર લ્હડાઈ કરનાર સ્વતંત્ર માણસો નાં આંગમાં જે અજીત શક્તિ આવે છે, તે બ ન્નેનું ખુલ્લું અને સ્પષ્ટ મૂળ કારણ એકજ છે; અને તેજ કારણથી (તે ગૃહસ્થ) બચ્ચાંની પેઠે આં ખમાંથી આંસુ વરસાવા લાગ્યો.

પાઠ ૧૫ મો.

જુવાનીમાં ઊમેદ.

૧ જ્ઞાન રૂપી ખાણમાં આપણે વધારે વધારે ઉંડુ ખણતા જવું, અને નિશાળમાંથી તથા વિદ્યા લયમાંથી કુદ્રતની દોલત તથા વિદ્યાની લૂટ મેળ વવી. રાજાના તાજમાં ચલકતા રત્ન કતાં વધારે કિમતી ઝવેરસાર આપણે તે ઠેકાણે ખણવું.

૨ ફરજના માર્ગમાં આપણે આગળ આગળ વધવું ; (કારણકે) નેકી એ ખરૂંજ સુખ છે, અને ઉત્તમપણું ખરેખરીજ શોભા છે. સ્વર્ગ જે છે તે આત્માનું ઉપ઼ંતિ સ્થળ છે, એટલાજ માટે આપણે પૃથ્વીનાજ સ્વર્ગ લોક બનવાં.

પાઠ ૧૬ મો.

કસરત.

અરે રે ! વળતી આરોગ્યતા અને કૌવત જતાં રહે ત્યારે ઈશ્વરે આપેલી મોટી મોટી બખશીસનો શું ઉપયોગ! તે વખત (મનુષ્યને) જે જે બખશે તે તે કેટલું બેસ્વાદ લાગે છે ! સુખનું મૂખ્ય કારણ આરોગ્યતા છે, અને આરોગ્ય રહેવાને કસ્રત એક મૂખ્ય સાધન છે. એહેની સાબેતીમાં જુઓ કે, જે કંગાળ પુરૂષ પોતાની જીંદગી વ્યર્થ ગુમાવેછે તે, રોગના દુ:ખી ગારમાં જલદી ગરક થાય છે ; અને જે કોઈ મ્હેનત અથવા કસ્રતથી કસાયલો હોય ત્હેના પ્રત્યેક અવયવ હવામાફક હલકા અને ત્હેના પ્રત્યેક વિચાર દિવસ પ્રમાણે સ્વચ્છ હોય છે.

પાઠ ૧૭ મો.

નિત્ય ફરજ.

૧ એક પછી એક રેતીના દાણા (રેતીનાં ઘડિયાળમાં) પડેછે, (તેમજ) એકેક પછી પળો પણ જતી રહેછે; કેટલીક આવેછે, અને કેટલીક જાયછે; તે સર્વને એકદમ પકડવાને તું યત્ન કરતો ના.

૨ ત્હારી ફરજો એકપછીએક ત્હારી રાહ જોયછે, એ માટે તે મધેની દરેક તરફ તું પોતાની સર્વ શક્તિ વાપર; ભવિષ્ય સ્વપ્નાથી ફુલાઈ ન જા, પણ એ ફરજ ત્હને જે શિખવશે તે પ્રથમ શિખ.

૩ એક પછી એક આ પૃથ્વીપર ત્હને સુખો (ઇશ્વરની ચળકતી બખશિસો) આપેલાં છે; અને જ્યારે ત્હને બખશે ત્યારે જલદીથી લઇને પાછો તેમને છોડીદેવાને તૈયાર થા.

૪ દુ:ખો એકેક પછી ત્હારા ઉપર આવશે; તે સર્વ એકદમ ત્હારી ઉપર પડશે એહેવી ધારતી કરતો ના; જમીન પરથી છાયો જેમ પડીને જતો

રહેછે તે પ્રમાણે નવાં દુઃખો આવશે તેમ જુનાં નાપેદ થશે.

પાઠ ૧૮ મો.

ઇંગ્લાંડ દેશના ખલાસીઓ.

૧ ત્હમો ઇંગ્લાંડના ખલાસીઓ! જેઓ પોતાના દેશના સમુદ્રની ચોકી કરેછે, અને જેઓનો વાવટો લ્હડાઈને તથા પવનની લહેરોને ટક્કર મારી હજારો વર્ષસુધી ટકેલોછે. લ્હડાઈ લાંબો વખત સુધી સપાટા બંધ ચાલેછે, અને તોફાની પવન ફુકેછે. તોપણ બિજા સત્રુ સાથ લ્હડાઈ કરવા ત્હમો ત્હમારો કીર્તિવાળો વાવટો ફરીથી ઝોંકાવો, અને સમુદ્રમાં સ્વારી કરો.

૨ પ્રત્યેક મોજામાંથી ત્હમારા વડીલોના આત્મા ચોંકી[1] ઉઠશે; કારણકે વ્હાણનું તુતક તેમની કીર્તિનું મેદાન, અને મ્હાસાગર તેમનું મૃત્યુંસ્થાન હતું. જે ઠેકાણે બ્લેક અને પ્રાક્રમી નેલ્સન પડયા[2] તે ઠેકાણે, તોફાની પવન ફુકેછે, અને લ્હડા

---

૧ મદદકરવાને તથા ફતેહ ઇચ્છવાને ૨ મરણ પામ્યા.

ઇ લામ્બો વખત સુધી અને જોરથી ચાલેછે; જ્યારે ત્હમો સમુદ્રમાં સ્વારી કરશો ત્યારે, ત્હમારાં મરદાનગી ભરેલાં અંતઃકરણો હિંમતથી જોસમાં આવશે.

૩ બ્રિટેન્યાને કિલ્લાની, અને ત્હેમાં ડુંગરો ના મીનારાની ગરજ નથી; પાહાડ જ્હેવા મોજા પરથી તે દેશ કુચ કરેછે, અને સમુદ્રપર ત્હેનું ઘર છે. જે વખતે તોફાની પવન ફુકેછે, અને લ્હડાઈ લાંબો વખત સુધી જોરથી ચાલેછે તે વેળાએ, મોજા કિનારાપર ભારે અવાજ કરતા ઉછળેછે, તે એોને સ્વદેશના ઓક (લાકડાંનાં વ્હાણમાંથી) ગડગડાત કરી નીચે દાબી નાખેછે.

૪ [1]ભયની દુખદાયક રાત જઈ સલ્લાહના તારા ઉગે ત્યાંસુધી ઇંગલાડનો તેજવાળો વાવટો ભયંકાર રીતે ફુટકશે; અને પછી, એ સમુદ્રપરના લડાયકો! જ્યારે તોફાન ફુકતું બંધ થાય, અને જોસ ભરેલી લ્હડાઈ (ચાલતી) વધારે ન સંભળાય ત્યારે

---

[1] લ્હાડાઇ બંધ થાય ત્યાં સુધી.

ત્હમારાં નામની કીર્તિઓનાં ગીત ગવાશે અને મે
જબાનીઓ ચાલશે.

પાઠ ૧૯ મો.

કોહેડો (એક પુસ્તક).

મ્હારામાં ચમત્કારિક પ્રતિવચન છે. હું નવું છું, તેમજ જુનું પણ છું; હું ઘણીવાર ફાટેલું હોઉંછું, અને વારંવાર સોનાથી સનગારેલું હોઉંછું; જોકે હું વાંચી શકતું નથી તોપણ અક્ષરથી ભરપુર માલમ પડુંછું; હું (જાતે) આંધળું છું, તોપણ બીજાની નજર ઉઘાડુંછું; જોકે છુટું છું, તોપણ બાંધેલું હોઉંછું; મ્હારો પોશાક સદા કાળો હોયછે તેમજ સફેદ પણ હોયછે. હું ગંભીર તેમજ રસીલુંછું; અને ભારે તેમજ હલકું પણ છું. મ્હારા આકારમાં પણ ફેરછે, હું જાડુંછું તેમજ પાતળુંછું; મ્હને માસ તથા હાડકાં નથી, તોપણ હું ચામડીથી ઢંકાયલુંછું. હોકાયંત્ર કર્તાં મ્હારામાં અધીક (પાઇન્ટસ) ચિન્હોછે; અને વાંસલી કર્તાં મ્હારામાં વધારે છીદ્રોછે; અવાજ વગર હું

ગાઉંછું તથા વગર બોલવે ખંડન કરૂંછું; હું જાતનુ ઈંગ્લીશછું, જર્મનછું, ફ્રેંચછું અને ડચછું. કેટલા ક ઘણાજ પ્યારથી મ્હને ચાહે છે, અને કેટલાક મ્હને બહુ ધિ:કારે છે; કદી કદી હું ઘણા વર્ષસુધી જીવુંછું, તોપણ ઘણું ખરૂં તો જલદી મરૂંછું; અ ને કોઇપણી રાજાને મ્હાગ જેટલા (પેજીસ=પાણા) ખીદમતગાર હોતા નથી.

પાઠ ૨૦ મો.

મિત્ર વિયોગ.

૧ એક પછી એક મિત્ર મરણ પામેછે, મિત્ર ને કોણે ગુમાવ્યો નથી? જહેનો છેડો ન આવે અહેવા અંત:કરણના મીલાપ આ દુન્યામાંછે નહિ; આ ક્ષણભંગુર જગત જો આપણું સેવટ નું વિશ્રાંતીસ્થાન હતે, તો (આ દુન્યામાં) જીવવું અને મરવું એમાં એકુબી સુખી થતે નહીં.

૨ કાળની ગતિ ઉપરાંત અને મૃત્યના કબજા માંથી છુટાપછી આગળ ખરેખર એક સુખની જ ગા લાગેછે, તે ઠેકાણે જીંદગી ક્ષણભંગુર નથી; અથવા

જહેની ચીનગારી ઉંચે ઉડી બેમાલુમ થાય તહે
વા થોડાક વખ્ત સુધી ટકનારા આતસ પ્રમાણે
માણસનો પ્યાર નથી.

૩ જે ઠેકાણે વિયોગ જણાયલો નથી તહેવી ઉ
પર એક દુન્યાછે; નેક સારૂ માત્ર હમેસગીની પ્રી
તિ તે ઠેકાણે કરી રાખેલીછે, અને અહિંયાંથી મુ
એલા સાધુઓને તે કીર્તિવાળી દુન્યામાં લઈજતાં,
પરમેશ્વરપર જહેનું એકીનછે તેઓની નજરે માત્ર
પડેછે.

૪ એ પ્રમાણે સર્વતારાઓ નાબુદ થાય ત્યાં
સુધી તેઓ એકેક પછી અસ્ત પામેછે; અને પ્રા
ર્ધ્યુ અંધીકાધીક વધીને તહેનો સાફ અને પૂર્ણ દિ
વસ થાયછે. એ તારાઓ ખાલી રાતમાં ગરક જ
તા નથી પણ આકાશની પોતાની રોશનીમાં છુપાઇ
રહેછે.

પાઠ ૨૧ મો.

ઇન્ચકેપ નામના ખડક ઊપરનો ઘંટ.

૧ હવામાં હાલચાલ ન હતી, અને સમુદ્રમાં

ભરતી પણ ન હતી, (ન્હેવા પ્રસઙ્ગે) જેટલું રે હવાઈ શકાય એટલું તે વ્હાણ સ્થિર હતું. સઢોને ગગનમાંથી ગતી મળી ન હતી, અને વ્હાણનુ ત ળ્યું સમુદ્રપર સ્થિર રહેલું હતું.

૨ મોજાના અથડાવાનો અવાજ ન થતાં, અથવા તેહેમનાં કાંઇ ચિન્હો નદિસતાં ઈન્ચકેપના ખડકપર તેઓ એટલા હલુહલુ ઉંચે ઉછળી નીચે પડતા, કે તેથી ઈન્ચકેપ ઉપરનો ઘંટ હાલતો ન હતો.

૩ આબરબ્રથાક ગામના પરહેજગાર મહાત્મિપ તીએ ઇન્ચકેપના ખડકપર તે ઘંટ ટાંગ્યો હતો; તોફાનની વખતે મોજા ઉપર તે તરતો તથા ઝોંકા ખાતો અને (તેથી કરીને) વધારે મોટેથી તે પો તાનો ચેતવણીનો અવાજ કરતો.

૪ તોફાનના સપાટાથી ચઢેલાં પાણીમાં જ્યારે તે ખડક ડુબી જતો ત્યારે ખલાસીઓ તે ચેતવ ણી આપનો ઘંટ સાંભળતા, જે વેળાએ તેઓને તે ભયવાળા ખડકની ખબર પડતી, અને તેઓ તે આબરબ્રથાકના મહાત્મિપતીને આશિષ દેતા.

૫. તે ઇન્ચકેપનો ઘંટ લીલા મ્હાસાગરપર કાળાં ધાબાં પ્રમાણે દેખાતો હતો. સર રાલ્ફ નામના ચાંચિયાએ તુતક ઉપર અહીં તહીં ફરી તાકીને પોતાની નજર તે કાળા ડાઘ તરફ કરી.

૬ હેની નજરતે ઘંટ તથા તર ઉપર પડી, —(તેથી) તે બોલ્યો, "મ્હારામાણસો, હોડી નીચે ઉતારો, અને હલેસાં મારી મ્હને ઈન્ચકેપના ખડક આગળ લઈ ચાલો, હું તે આબરબ્રથાકના મહાધિપતીને ઉપદ્રવ કરીશ."

૭ હોડી નીચે પાણીમાં ઉતારી, મછવા વાળાઓ હલેસાં મારતા તે ખડક આગળ ગયા: સર રાલ્ફે હોડીમાંથી વાંકાં વળીને તરથી તે ઘંટ કાપી જુદો પાડયો.

૮ ગડગડાંત અવાજ કરતો તે ઘંટ નીચે ડુબ્યો ; પરપોટા ઉપર આવ્યા, અને આસપાસ ફુટી ગયા. (પછી) તે બોલ્યો, "જે કોઇ આ ખડક આગળ આવશે તે આબરબ્રથાકના મહાધિપતીને આશીર્વાદ દેશે નહિ."

૯ સર રાલ્ફ વ્હાણ હંકારી ચાલતો થયો ;

અને પુષ્કળ દિવસ સુધી તે સમુદ્રમાં ભટકયા કીધો. પછી લુટેલા માલથી ગબ્બર થઈ સ્કાટલંડના કિનારા તરફ પોતાનો માર્ગ ધર્યો.

૧૦ ધુંમસથી આકાશ એટલું તો ભરાઈ ગયું હતું કે, ઉપર સૂર્ય તેઓને નહિ દિસવા લાગ્યો; આખો દિવસ વાયુની જે લેહર આવતી હતી તે સાંજે શાંત થાઇ ગઇ.

૧૧ એક શખ્સ બોલ્યો, "ત્હને મોજાની ગર્જના સંભળાતી નથી કે? કારણ, મ્હને લાગે છે કે પેલી તરફ કિનારો હશે. આપણે કયાં છૈયે તે હું કહી શકતો નથી,—ઇન્ચકેપનો ઘંટ આપણને સંભળાતો હતે તો સારૂં થતે.

૧૨ તેઓને કંઈ અવાજ સંભળાયો નહિ—ભરતી જોરથી આવી, પવન જોકે પડી ગયો હતો, તોપણ તેઓએ વ્હાણને આગળ હંકાર્યું એટલામાં તે વ્હાણ એક ખડક સાથ કડકડાત થતા અવાજથી અથડાયું,—(ત્યારે તે બોલ્યો) "અરે ખોદા! આતો ઇન્ચકેપનો ખડક છે!"

૧૩ સર રાલ્ફ ચાંચિયાએ પોતાના કેશ તોડ

યા, અને નિરાશ થઇ તે પોતાને શ્રાપ દેવા લા ગ્યો; મ્હારો તરફ મોજા આવવા લાગ્યા, (તેથી) વ્હાણ તત્કાળ સમુદ્રમાં ડુબ્યું.

પાઠ ૨૨ મો.

ઉદ્યોગ.

૧ જાહેર સંસારનાં કામોમાં સર્વ માણસોએ ભાગ લેવો, એહેવી પરમેશ્વરની ઇચ્છા છે. આ ળસુ પડે બેસી રહેવાને કોણ પેદા થયું છે? કેટલા કને હળ ખેડવાની વાર્ષિક મ્હેનત સોંપેલીછે, એહે વું આપણે જોઇયે છે; કેટલાક અવાજ કરતી હ રણી પાસે તાપમાં બેસેછે; કેટલાક ઝડપથી સર તો કાંટળો ફેરવેછે; કેટલાક પવન તથા ભરતીના વિચારમાં ઘરાઈ જઇ પૃથ્વિના આ છેડાથી બિજા છેડા સુધી પોતાનો વ્યાપાર ચલાવેછે; કેટલાક ઉ દ્યોગી હાથે અને પગે શ્રમકરી હુનરનાં કામો (બિ જાને) શિખવેછે; અને તે કતાં અધીક સૂક્ષ્મ બુ દ્ધીના કેટલાકો વિચાર અને ભાષાણથી લોકોને મ દદ કરેછે. પ્રત્યેક જન સાધારણ મતલબપર લક્ષ

આપી સર્વના અગત્યના મિત્ર થાયછે. આ રી
તે સર્વ એક બિજાને ઉપયોગી મદદ આપવાને
સારૂ અવતરી અવારનવાર એક બિજાનો ઉપ
કારકૂરવે છે.

૨ રાજાની ભોજનની મેજ જ્યારે પંથરાયછે,
ત્યારે તે અન્નમાટે ખેડુતનો ઉપકારી થાયછે; અ
ને જ્યારે તે પોતાનો બાદશાહી જામો પેહેરેછે ત્યા
રે તે પોશાક સારૂ શાળવીનો આભારી થાયછે.
ઢોંડકૂોડાની શ્રમ અને સંભાળથી હેનો કડકડતી
હવાથી બચાવ થતો નથી શું? જે શસ્ત્ર હેની,
જાંગપર લટકેછે તે લોખંડના હુનરથી મળતાં નથી
શું? એ સર્વ પોતાના બાદશાહ તરફની ફરજ
માં પોતા ઉપર જે ઉપકાર થાયછે તે કબૂલ કરે
છે; અને તેપણ પોતાનાં તથા લોકોનાં કલ્યાણ
સારૂ તેઓના માલમતા તથા કાયદાની સંભાળ
કરેછે. એ રીતે તેઓ પોતાની પ્રમાણીક શ્રમ ક
રેછે અને સંતોષથી ફળ ભોગવેછે: પ્રત્યેક ન્હાની
મોટી પદવીમાં ઊદ્યોગજ આપણ સર્વનું પો
ણ કરેછે.

પાઠ ૨૩ મો.

એક મુએલાં બાળકનાં પુતળાં ઊપરથી સુઝ પડેલી વાર્તા.

૧ ત્હારી ખુબસુરતીમાં મેં ત્હને જોઇ! (તે વખત) ખેતરમાં ખુશાલીની તાનમાં રમતાં એક હરણનાં બચ્ચાં માફક તું શોભતી હતી; મેં ત્હને ચાટલો શોધતાં જોઈ, અને જ્યારે તે ત્હારી નજરે પડયો ત્યારે એકાએક ખુશીનો જે ત્હને હર્ષ ઉપજ્યો તેથી હવા પોતે સુસ્વર થઈ.

૨ ત્હારી ખુબસુરતીમાં મેં ત્હને જોઇ! (જે વેળાએ) ત્હારી બ્હેન ત્હારી આગળ હતી; તે મોગરાનાં ફુલ જહેવી હતી, (અને) તું મગરૂર ગુલાબ જહેવી દેખાતી હતી. મેં ત્હારી મા તરફ જોયું, (તે વખત) ત્હેનીની આંખ આનંદકારક જણાતી હતી, (તેથી) ત્હેનીનાં સુખ વિષે મ્હને ફીકર પડી, કારણકે દુ:ખે મ્હને શાહણો કીધો હતો.

૩ મેં ત્હને ત્હારી ખુબસુરતીમાં જોઇ! (ત્યારે) ત્હારો એક હાથ ત્હેનીના ચોટલામાં હતો, અને બિજા હાથ વડે (ત્હેનીનો) મોતીનો હાર તેં મજ

ભૂત પકડેલો હતો; એ ત્હેનીને કાંઈક લાગ્યાથી તેણીએ ત્હેને ધમકાવી તોપણ તે હસતી હતી; (આહા વી વેળાએ) વધારે રમણીય કોણ દિસતું હતું—મા કે દિકરી—તે મેં જાણ્યું નહિ.

૪ ત્હારી ખુબસુરતીમાં ત્હેને હું જોવુંછું! કારણ, તું ઊંઘમાં શાંતપણે આરામ લેતી ત્યાં પડેલી જણાયછે. પણ અરેરે? આ (ત્હારાં) રૂપ માં ફરક; આ ભવાંનું ગંભીર શાંતપણું, તથા હવે વધારે સ્વાસ નલેતા અહોડો એ સર્વ તું પૂર્વે જે કાંઈ હતી, ત્હેની હવે કેવળ ઠગાઇ ભરેલી નકલ પણ સુન્દર પુતળી છે; અહેવું સ્પષ્ટ દેખાડી આપેછે.

૫ હું ત્હેને ત્હારી ખુબસુરતીમાં જોવુંછું ત્હારા હવામાં ઉડતા કેશો સ્થિર છે, અને ત્હારાં વલ વલતાં ન્હાનાં આંગળાં ત્હારી છાતી ઉપર વળેલાં પડયાં છે; પણ ત્હારૂં ખુશી ભરેલું નાચવું બંધ થયુંછે; અને ત્હારો ટુંક આયુષ્ય પુરો થયોછે; તથા જે આરસી પુર્વે બે પ્રતિબિંબ પાડતી તોહ તે હવે એકજ પાડશે!

૬ તે દિવસે જે પ્રમાણે મેં ત્હને જોઈ તેજ પ્રમાણે હવડાં પણ ત્હારી ખુબસુરતીમાં હું ત્હને જોઉં છું! પણ તે વખત જે ખુશીથી ત્હારૂં ઘર ભરાઇ ગયું હતું તે ખુશી, ત્હારા આત્મા સાથ જતી રહી છે. ત્હારી રોજની જગા પર સ્થિર પડેલી હું ત્હને દેખુછું; પણ મ્હારૂં અંતઃકરણ ભરાઇ આવ્યાથી મ્હારી બન્ને આંખે અંધારૂ આવેછે તેથી કરી હું વધારે જોઇ શકતો નથી.

પાઠ ૨૪ મો.

ચુકાદો થયલા એક મુકદમાની હકીકત.

૧ નાક અને આંખ વચ્ચે એક ચમત્કારિક વઢવાડ ઉત્પન થયો, દૈવયોગે ચસમાએ તેઓને અરસપરસ ન બને એહેવું કીધું; વાંધાની વિષય, જે સર્વ જગતને ખબર છે તે એકે, બન્નેમાં સદરહુ ચસમાનો માલીક કોણ.

૨ ત્યારે જિભ વકીલ થઇ, અને ભારે ચતુરાઈથી તથા કાબિલિયત[1] પણે તકરાર ચલાવવા

---

૧ અથવા પંડિતની ટોપી પેહેરી (પણ ચાલે.)

૪

માંડી. અને બારીકાઇથી ન્યાય કરવાની અકલ વિષે પ્રસિદ્ધ જે મૂખ્ય ન્યાયાધીશ કાન, તે કાયદા ના આધારથી ન્યાય તોલવાસારૂ બેઠો.

૩ જિભ બોલી, નાકની તરફથી અહેવું રહે જ દેખાશે, તથા નામદારને બેશક માલમ પડશે કે ચસમો હમ્મેશાં અહેના[1] પ્હેરવામાં આવેછે એ વાત, ઘણા લાંબા વખતથી એ પ્હેરતું આવેછે તે ઉપરથી જણાયછે.

૪ પછી ચસમો ન્યાયાધીશ આગળ ધરી (તે બોલી) નાકનો દાંડો જેટલો પ્હોળો છે, તેટલોજ પ્હોળો ગાળો મધ્યમાં રાખી એ બનાવેલોછે તે નામદાર જુઓછો; સારાંશ, તે ગાળો તે દાંડા ઉપર બાગીર પ્રમાણે ચોકસ બેસે એ મતલબથી કીધો છે.

૫ વળી ખાવંદ ક્ષણભર વિચાર કરવો, (કારણકે એ કજિયો થયલોછે અને પાછો થાશે) કે જો ચેહેરાને નાક ન હતે તો ચસમો કોણ ઘાલતે, અથવા પ્હેરતે ?

---

૧ નાકના.

૬ આ સર્વ વાતનો વિચાર કરતાં એહેવું દેખાયછે, અને મ્હારી દલીલ એહેવું સિદ્ધ કરેછે, કે ચસમો ખુલ્લી રીતે નાકને માટે કરેલોછે, અને નાક પણ તેમજ ચસમા સારૂ બનાવ્યુંછે એ વાત ખાવંદ કદી ધિક્કારશે નહિ.

૭ પછી પક્ષ બદલી (એ કેમ કરવું તે વકીલો જાણે છે) તે હવે આંખની તરફેનમાં બોલવા લાગી; પણ ત્હેની તકરાર શી હતી એ થોડાકને જ સમજ પડી; કારણકે પ્હેલી માફક એ ડ્હાપણ ભરેલી છે એહેવું ન્યાયાધીશને લાગ્યું નહિ.

૮ ત્યારે ન્યાયાધીશ ગંભીર અવાજે "અગરજો" અથવા "પણ" એ શબ્દો વાપર્યા વિના નક્કી અને સ્પષ્ટ હુકમનામું બોલ્યો કે, જયારે જયારે નાક પોતાનો ચસમો પ્હેરે, ત્યારે ત્યારે આંખને બંધ રહેવું.

પાઠ ૨૫ મો.

સોન કિડો.

૧ વાડ નીચે અથવા ઝરા નજદીક એક જાતનો કિડો ભમતો જણાયછે, તે રાત્રે ચકચકીત

પ્રકાશ પાડેછે, ને પ્રકાશ વિના દેખાતો નથી.

૨ હેનાં કિરણો (પ્રકાશ) ક્યાંથી નિકળે છે તે વિષે તકરાર થઈછે, અને હજુરપણ ચાલુછે; કેટલાક એ વિષે હેની પુછડીને, અને કેટલાક હેનાં માથાંને માન આપેછે.

૩ પણ આતો ખરૂં છે કે જે હાથ રાતે આકાશને પ્રકાશતું કરેછે, તેજ હેની આકૃતિના પ્રમાણમાં હેને કાંઇક પ્રકાશ આપેછે.

૪ કદાચ એહેવી રીતના દિવા બખશવામાં, મુસાફરોને, તેઓ જ્યાં પગ મુકે ત્યાં, સંભાળ રાખવા વિષે ચેતવવાને દયાળુ પરમેશ્વરની મતલબ હશે.

૫ અથવા જહેનો થોડો, પણ ઉપયોગી પ્રકાશ, રાતે અડચણ કરનાર પત્થર દેખાડી, પડવાથી તેમને બચાવવાને ઉપયોગી પડશે, એહેવો આ કિડો ન ચગદી નાખવા વિષે કેહેવાને, દયાળુ પરમેશ્વરની મતલબ હશે.

૬ હેની ગમે એ મતલબ હો, (પણ) સર્વ શક્તિમાન સત્તા હેને પ્રકાશવાને આગ્ના કરેછે

તે ફોકટ નહિ, એ સમજાય એહેવું, સ્પષ્ટ અને ખુલ્લું છે.

૭ એ ગર્વીષ્ટ અને શ્રિમંત લોકો, આ બાબ૬ ઉપરથી ત્હમારે નમ્રતાનો વિચાર શિખવો; કારણ કે એહેવા પ્રકારના કિડાને (ત્હમારી પેઠે) ત્હેનું ઝવેર હોય છે, અને (ત્હમારીજ માફક) તે પણ પોતાના પ્રકાશ માટે ગર્વ કરે છે.

પાઠ ૨૬ મો.

પરસ્પર દયા, એ મૂખ્ય સ્વભાવિક નિયમ છે.

આન્ડ્રોકલીસ પોતાની તરફથી દુઃખ પામેલા સેઠ પાસથી તત્કાળ મોહોતની ધાસ્તીથી, લિબિયાના જંગલમાં નાહાસી ગયો. કષ્ટકારક નાહાસ ભાગને લીધે થાકી ગયાથી, અને ગરમીથી ભુંજઈ ગયાથી, સેવટે એક ગુંફાનું થંડ વિશ્રાંતિસ્થાન ત્હેની દ્રષ્ટે પડયું; પણ તેણે પોતાનું થાકેલું શરીર આરામ લેવા માટે (તે ઠેકાણે) ટેકવ્યું ન ટેકવ્યું એટલામાં (ત્યાં) એક મોટો જબરદસ્ત સિંહ આવ્યો; તેણે નજદીક આવી ગર્જના કીધી; પણ

તે ભયંકાર ગર્જના (પછી) કાકલુતી ભરેલા અ વાજ સરખી થઈ ગઇ. અંદર આવી દુઃખ ભ રેલા ચેહેરાથી પોતાનો ઉપર ઊંચકી ધરેલો પંજો દેખાડી જે શખ્સ ત્હેને જણાતો હતો તે પાસે તે ણે સહાય માંગી. તે નાહાસી આવેલા શખ્સે ભ યથી તાટ થઇ ગયાથી કેટલોક વખત સુધી પોતા નો થરથર ધ્રુજતો હાથ આગળ ધરવાને હિંમત કરી નહી; પણ વધારે ધૈર્ય કરી સેવટે એક અ ણીદાર કાંટો (ત્હેના પંજામાં) ભોકાયલો તેણે જો યો; અને તે તેણે જખમમાંથી ખેંચી કાહાડયો. ઉપાય લાગુ પાડી પરૂંવાલું લોહી લુછી નાખ્યા પછી સિંહ દુઃખથી મોકલો થઇ ટટાર ઉભો રહ્યો. પાછો તે સિંહ જંગળો ધુંડવા જાય, અને દર રોજ પોતાના સોબતીને શિકારનો ભાગ આપી ખુશ કરે; અને તેપણ સિંહએ આપેલો ભાગ જોકે કાચો હતો, તોપણ ત્હેનો ધિ:કાર નકરતાં જમીન પર પાંથરી ત્હેની સાથે ખાતો હતો. પ ણ આ રીતે મુએલાસરખો અને ઘરથી જુદો પડેલો રહેવા કતાં પોતાના ધણીનું વેર ત્હેને વધા

રે ભારે લાગ્યું નહિ. અહાહા! વતન! મ્હારૂ પોતાનું વતન! મ્હારાથી જવાયતો! પછી મૃત્યું જો મ્હારી ત્યાં વાત જોતું હોય, તોપણ હુ જઈશ ને ફ્રેર જઇશ! તે ગયો, અને મરવાનો હુકમ થયાથી ભર આખાડા મધ્યે રેતી[1]ઉપર કોઇની પણ દયા ઉપજાવ્યા વિના ઉભો રહ્યો; એટલામાં જુઓ! પેલોજ સિંહ ભુખથી ક્રુર બની ત્હેને ખાવાસારૂ પોતાનાં પાંજરાંમાંથી નિકળી આવ્યો, પણ પોતાનો ધારેલો ભક્ષ પોતાનો જ ખમ સાજો કરનાર ગૃહસ્થ છે એહેવું પિછાની માર્ગમાંજ અટક્યો, અને આગલું યાદ આવ્યાથી, આનંદ તથા દયાના સંયુક્તથી નરમ પડી તે ત્હેના પગે પડવા લાગો. સર્વ મંડળી, આશ્ચર્યથી, ચુપથઈ ટીકીને જોવા લાગી. પણ અરે રોમન લોકો! તમને આશ્ચર્ય કેમ લાગેછે? એ સર્વ સ્વભાવિકછે. ખુદ્રતે ત્હેને શત્રુ ફાડી નાખવાની આજ્ઞા કીધી, અને તેજ ત્હેને મિત્ર ઉગારવા વિષે કહેછે.

---

૧ આન્ડ્રોકલીસને મારી નાખવાને સારૂ તૈયાર કીધેલી જગા.

પાઠ ૨૭ મો.

કોહેડો (એક ટાંચણી.)

૧ એક ન્હાની સોય ન્હાનામાં ન્હાની હોય, તોપણ કદમાં અને ઉપયોગમાં મ્હને પાછળ[1] નાંખે છે; અથવા મ્હારી ખરીદી કંઈ મોઘી નથી, કારણ કે વર્ષમાં જેટલા દિવસ છે, તેટલી મ્હારી જાતની સંખ્યા જુજ અને ઘણું કરીને બિશાત વગરની કિમતે વેચાતી મળે છે.

૨ જો અહૃગો અહૃમારા થોડાજ ઉપયોગ વિષે મગરૂર છીયે, અને થોડી કિમતે મળીએ છીયે, તો પણ (અહૃમને બનાવવાની) મ્હેનત કંઈ થોડી નથી; અથવા અહૃમને બરાબર ઘડવાસારૂ પેત પોતાના જુદા જુદા કામમાં કાબેલ અહૃવા થોડા કારીગરો પુરતા નથી.

૩ એકજન અગ્નિપર ધાતુને[2] પિગળાવે છે, બિજો ત્હેના તાર ઓતી કાહાડે છે, ત્રિજો એક મોટી કાતર લઇ તે પિત્તળના તારના કંઇ લમ્બા

---

૧ તે મ્હારા કર્તાં અધિક જાડી અને ઉપયોગી છે. ૨ પિત્તળ સમજવું

ઈના કકડા ચોથાસારૂ કાતરી મુકેછે. એ ચોથો પ્રત્યેક કાતરેલા કકડા ઘસી સઘળા એક સરખા કદના કરે છે.

૪ પાંચમો તે કકડા ઉપર બેસાડવાસારૂ બ શેબર અને ગોળ ટાંચ તૈયાર કરે છે; છઠ્ઠો ત્હેને જડે છે; અને છેલ્લો અથવા સાતમો પોતાની હથોડી તથા કાનસથી ત્હેની[૧] અણી કાહાડવાનાં કામમાં કાંઈ વખત લગાડે છે.

૫ એ માટે ઇડિપસ, હવે કેહે! જે કામની મતલબ સિદ્ધ કરવાને આટલી માથાકુટ પડે છે, ત્હેમાંથી કયો ચમત્કારિક અને દુર્લભ[૨] પદાર્થ સેવટે ઉત્પન્ન થાય છે? મ્હને ખરૂં કેહે, અને ત્હારી મ્હેનતને[૩] બદલે મ્હને લઇજા.

પાઠ ૨૮ મો.

રેશમનો કિડો.

એપ્રિલ માસ પુરો થવાની અગાઉ ત્હેનાં[૪] કિર

---

૧ કકડાની ૨ મળી આવવાને કઠણ ૩ કેહેવાની મ્હેનત ૪ એપ્રિલ માસનાં.

ણો [1] એક ક્વચિત દેખાય એહેવો કિડો દૃષ્ટે પા ડેછે.[2] (આકિડો) આખા લાંબા શિયાળામાં પોતા ની જન્મશીપ મધે સુખથી રેહેવાને ખુશી હોય છે. એજ ફલદ્રૂપ રૂતુ, ત્હેને ઉપયોગી પડનારાં સેહેતૂર નાં પાંદડાંનો એક સાદો ખોરાક, જે ઉપર તે ઉપ જીવિકા[3] ચલાવેછે, તે ત્હેને વધારે ન જોઇયે ત્યાં સુધી પુરો પાડે છે; કારણ કે ત્હેની વધવાની મુદ ત પુરી થાય ત્યાં સુધી તે ભુખોછે એહેવું જો કે ક્વચિતજ દિસેછે, તોપણ એક વખત ત્હેની વ ધ પુરી થઇ, એટલે વધારે ખાતો તે કદી કોઇના જોવામાં આવતો નથી. તે વખત આવ્યાથી ત્હેનું કામ શિરૂ થાય છે. તે રે શમ કાંતી વણેછે, અને વળી પાછું કાંતે છે; એ પ્રમાણે પોતાની આસપાસ આંટા પર આંટા આડાઅવરા વિટાળી, પાતલી પણ અતિ શય બારીક દૃષ્ટેની અંદરનું ન દિસે એહેવા પરદા થી પોતે છુપાઇ રહેછે. એ રીતે એકાદાં પીપમાં

---

૧ ગરમી ૨ એપ્રિલ માસનાં ગરમ દિવસમાં આકિડો બ્હાર પડે છે ૩ ગુજરાણ.

ભરાયો હોય તે માફક પોતાને ઢાંકી લઇ સેવટે તે પોતાનું કામ પુરૂં કરે છે. અને જયારે તે ના પેદા થાય ત્યારે જો કે કિડા માફક, અથવા ઘણો ખરોતો કામળિયા જહેવો હોય છે તોપણ, જે વેળાએ તે પાછો આપણી નજરે પડે છે, તે વેળા એ તહેને પાંખ હોય છે; અને પતંગિયાંના ડોલ જહેવો દિસે છે; ઇંડા મુકનારો થાય છે; આવ તાં વર્ષ માટે કિડા અને પતંગિયાં પુરાં પાડી રા એ છે; અને મરેછે! બિજાં પુષ્કળ પ્રાણી કતાં આ કિડો જો કે અલ્પકાળ[1] જીવનારોછે તોપ ણ, આ ભૂગોળપર પેટેચાલનારાં સર્વ (પ્રાણી) નો પોતપોતાની જાતમાં એ માફક ઉપયોગી થા ય તો જગતનું સારૂં થાય.

પાઠ ૨૯ મો.

નિરૂપદ્રવિક ચોર.

૧ ખેતરમાં, અથવા આપણા સુખ ચેન મા ટે જે જગા આપણે ખેડીએ હ્રેમાં, મોટું અથવા ન્હાનું અહેવું એકપણ ફુલમલનાર નથી, કે જે કદી

---

1 થોડો વખત.

ન થાકે એહેવી મધમાખને મધનો ભંડોળ આપે નહિ.

૨ ખરેખરી બરોબર મ્હેનતથી તે કોઈ પણ ફુલ તપાસ્યા વિના છોડતી નથી. તે પોતાના પેટ સારૂ ગમે એ ચોરે, પણ એ વાતની સાબેતી કાંઈ રહેવા દેતી નથી.

૩ તે પોતાના કાયદાનું કામ ચલાવેછે, અને એહેવી યુક્તિથી ચોરી કરે છે, કે (તેથી કરી) ફુલોનો કંઈ પણ સ્વાસ જતો રેહતો નથી; અથવા તેઓ પોતાની ખુબસુરતીથી કમી મોહ પમાડતાં નથી.

૪ ફુલોમાં રેહેનારા શત્રુ કૅન્કર ઉઅરમ્ (કિડો) એહેવી નિરૂપદ્રવિક રીતે શિકાર કરતો નથી (અને) ચલિયાં, ફિન્ચપક્ષી, અથવા કાગડા પોતાનું ખાઉકડુંપણુ એહેવી[1] રીતે શાંત કરતાં નથી

૫ ભારે ખરચથી પાલેલા આકડો, બાગમાંનાં ભૂષણુ[2] ખાઇ જાય છે; અને પક્ષીઓ, ફુલો કર્તા અધિક જતન કરીને રાખવા જોગ બી વાકામાંથી વિણી કાહાડે છે.

૬ પણ તે પોતાની લુટ પોતાના ઉપયોગ માટે એહેવી નાજુક યુક્તિથી તેયાર કરે છે, કે રસા

---

૧ ફુલોનો નાશ ન કરતાં. ૨ ફુલો.

મનશાસ્ત્રીએ જો પોતાના ગાળી કાહાડવા નાં યંત્રથી તેમ કરવાને મ્હેનત લીધી તો તે વ્યર્થ જશે.

૭ ત્યારે હવે ત્હેને પોતાનો નિયમિત ખોરાક લેવા દેવા વિષે નાખુશ થતાના; અથવા (ત્હે નીથી ઉત્પન્ન થતા) ફાયદાને ચોરી કહી દોષ લગા ડતાના; કારણ કે જે તે ચોરે છે, તે સર્વ જો તેણે ચોર્યું નહિ, તો મધ કે મીણ ઉત્પન્ન થાય નહિ.

પાઠ ૩૦ મો.

ગોકળગાય.

૧ ગોકળ ગાય ઘાંસને, પાંદડાંને, ફુલોને, અ થવા ભીંતોને મજબૂત વળગી રહેછે, અને જાણે કે ઘરબાર સુધાં તે ત્યાં પેદા થઈ હોય (તેમ તે ઉ પરથી) પડવાની ત્હેને ભય લાગતી નથી,

૨ જે વેળાએ તોફાનનું નિકટ[1] સંકટ, અ થવા તે શિવાય હવામાંથી ઉત્પન્ન થતાં બિજા કાંઈ ઉપદ્રવ પ્રાપ્ત થાય તે વેળાએ તે ઘરમાં નિર્ભય પણે સંતાઇ બેસે છે.

---

૧ નજદીક આવતું.

૩ ત્હેનાં આંગમાં પોતાનું શરીર સામટું ઘર વાની શકિત એટલી છે કે, ત્હેનાં શિંગડાંને કદાચ. જરા સ્પર્શ કીધું કે, લાગલીજ ઘણી નાખુશ થઇ તે પોતાનાં દરમાં પાછી સરે છે.

૪ જ્યાં જ્યાં તે રહેછે ત્યાં ત્યાં તે એખલીજ રહે છે; અને પોતાના શિવાય બિજી કાંઇ અરકે- આમત ત્હેની પાસે હોતી નથી, અને પોતાની સ વં દોલત પોતેજ થવાને ખુશી થાય છે.

૫ એ રીતે વનવાસી પ્રમાણે તે. પોતાનો આ- યુષ્ય ગુજારે છે; પોતાની સાથે જમવાસારૂ ત્હેને સોહોબતીની ગરજ રેહેતી નથી, અને જો કોઈ મળી આવ્યો તો (પોતે) જલદી જલદી ખાયછે.

૬ તે અને ત્હેનું ઘર અ્હેવાં તો સાથે જો ડાયલાં હોય છે, કે જો કોઈ ત્હેને શોધવા માંડે તો, ત્હેને જો ત્હેનું ઘર શોધી તે મધેનો માલિક જડે નહિ, તો તે આંધલા કર્તાં અધિક આંધલો હોવો જોઇયે.

સમાપ્ત

ખબર.

—o—

નીચે લખેલાં પુસ્તકો મુંબઇ મધે કાલકાદેવીના રસતા ઉપર મેશર્સ આત્મારામ સગુન તથા મનોરદાસ રૂપજીના દુકાનમાં, કોટમાં "જામાજમશેદ" તથા "દફતર આશકારા" છાપાખાણામાં અને ભીંડીબજાર મધે "જીજીભાઈ દાદાભાઇ એંગ્લોવર્નેકયુલર સ્કુલ"માંથી મળશે.

	રૂ.	આ.	પૈ.
હાઉઅર્ડ સાહેબની ઇંગ્રેજી કવિતાનાં પ્રથમ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર, એક હંમેશનાં પંચાંગ સાથ.	૦	૭	૦
ભૂગોળ વિદ્યાનાં મૂળતત્વો . .	૦	૬	૦
વ્યવ્હારદર્પણ (મ્હોડેના હિસાબ).	૦	૪	૦

ઉપલાં પુસ્તકો રકમ બંધ લેનારાને કિફાયતથી મળશે.